Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૭ મું ] [ અંક ૮ મો

જ્યેષ્ઠ

ઇ. સ. ૧૯૫૧ ૫ મી જુન

વીર સં. ૨૪૭૭ વિ સં ૨૦૦૭

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

| પુસ્તક ૬૭ મું<br>અંક ૮ મો. | જયેષ્ઠ | વીર સં. ૨૪૭૭<br>વિ. સં. ૨૦૦૬ |
|---|---|---|

## अनुक्रमणिका

१ શ્રી વિમલ જિન સ્તવન ... ... ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) ૧૫૩
૨ ડુંગરડાને મારગે... ... ... ( શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ) ૧૫૪
૩ अस्तिनास्तिमीमांसा ... ( આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૫૫
૪ પ્રકાશ અને અંધકાર ... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૫૯
૫ મહાવીર જીવન અને સંસ્કૃતિપાલન : ૨ ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) ૧૬૩
૬ અનાસક્તિ યોગ... ... ...( કુ. મૃદુલા બહેન છોટાલાલ કોઠારી ) ૧૬૭
૭ બંધ મોક્ષ પર એક દૃષ્ટિપાત (ન્યા. ન્યા. મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ) ૧૭૦
૮ સાહિત્ય-વાડીનાં કુસુમો : ક્ષપકશ્રેણીનો મુસાફર (શ્રી મોહનલાલ દી. ચોકસી) ૧૭૧
૯ પંન્યાસ પદપ્રદાન મહોત્સવ ... ... ... ૧૭૬

### નવા સભાસદ

| | | |
|---|---|---|
| ૧ શ્રી પરસોતમ સુરચંદ શાહ | મુંબઈ | લાઈફ મેમ્બર |
| ૨ શ્રી જૈન શ્વેતાંબર જ્ઞાનમંદિર | છાણી | ,, |

### પૂજા ભણાવવામાં આવી.

વૈશાખ શુદિ આઠમ ને સોમવારના રોજ પૂજ્ય શાંતમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોઈને સામાયિકશાળામાં તેમની મૂર્તિ સમક્ષ સવારના નવ કલાકે આપણી સભા તરફથી શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી

## સભાના સભાસદોને ખાસ લાભ

# શ્રી તાત્ત્વિકલેખસંગ્રહ

પચીસ લેખોનો સુંદર સંગ્રહ

લેખક : આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજની વૈરાગ્યવાહિની અને બોધદાયિની કલમથી આજે સમાજમાં કોણ અજાણ છે? "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકમાં ક્રમે ક્રમે પ્રગટ થયેલા બોધક અને સરલ લેખોનો આ સંગ્રહ સૌ કોઈને પસંદ પડી ગયો છે. સભાસદ બંધુઓને આ ગ્રંથ અડધી કિંમતે એટલે એક રૂપિયામાં આપવામાં આવશે. ક્રાઉન સોળ પેજી અઢી સો પાના, પાકું બાઈંડીંગ છતાં મૂલ્ય માત્ર બે રૂપિયા. પોસ્ટેજ અલગ. તમારી નકલ માટે જલદી જણાવવા વિજ્ઞપ્તિ છે.

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૭ મું. અંક ૮ મો | : જ્યેષ્ઠ : | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

# શ્રી વિમલજિન સ્તવન.

( મહેતાજી રે શું મહી મૂળ બતાવું–એ રાગ. તાલ કેરબો. )

વિમલજિન રે વિનતિ સુણો પ્રભુ, મારા મુજ મન હરણુ કરનારા;
દુઃખ કાપો રે તુમે સ્વામી છો હમારા, વળી મુક્તિ વધુના પ્યારા. ૧
મેં પાપ કીધાં બહુ ભારી રે, તે સુણતાં છૂટે કંપારી રે;
માટે હાથ હવે પ્રભુ ઝાલો રે, વિજય ભક્તિને હૈડે વ્હાલો રે. ૨
રંગ રસીયા રે ગુણુ અનંત તુમારા, મુજ મન હરણુ કરનારા;
તુમ તોલે રે નથી દેવાધિદેવા, આપો તુમ ચરણુની સેવા. ૩
જે થકી રે લહીએ શિવપુર મેવા, કંચનવિજયને કરો તુમ જેવા;
ભાસ્કરથી રે નવ રહેશો ઘડી ન્યારા, મુજ મન હરણુ કરનારા. ૪
કરે પૂજા અષ્ટપ્રકારી રે, જળ ચંદન પુષ્પ મનોહારી રે;
ધૂપ દીપ ને મંગળકારી રે, ફળ અક્ષત નૈવેદ્ય ધારી રે.
પ્રભુ આપો રે અક્ષય પદ અણાહારા, મુજ મન હરણુ કરનારા. ૫

મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ડુંગરડાને મારગે રે.

[ આત્માની નાવને ભક્તિનાં હલેસાંથી હંકારતો,
ચક્રવર્તી ભરતનો એક ન્હાનકડો કુમાર...... ]

બોલ્યો કુંવર ન્હાનકડો, મારા હૈયે દુઃખનો ભાર રે,
ભૂખ્યા જો ! જગનાથ રે, દાદો ડુંગરડાને મારગે રે.

રીસ ચડાવો શાને બાપુ? કોને કરવા મ્હાત રે?
ચિંતા શી દિનરાત રે? દાદો ડુંગરડાને મારગે રે.

હીરા આપું માણેક આપું, ફૂલ બિછાવું તાત રે,
શીત સુગંધી પારિજાત રે, દાદો ડુંગરડાને મારગે રે.

સોનાનું સિંહાસન આપું, મુકુટ આપું આજ રે,
પ્રકટાવું દીપક લાખ રે, દાદો ડુંગરડાને મારગે રે.

દાતણ આપું ન્હાવણ આપું, પીઢણુ આપું આજ રે,
તળાઇ મોગરા ભાત રે, દાદો ડુંગરડાને મારગે રે.

ભૂખ્યા રહો છો શાને બાપુ ! વરસ દિવસની વાત રે,
હવે થાકી જાશે જાત રે, દાદો ડુંગરડાને મારગે રે.

દૂધલડાં ને મહિડાં આપું, આપું ઘેબરીયો કંસાર રે,
આપું મોંઘેરાં પકવાન રે, દાદો ડુંગરડાને મારગે રે.

અમૃત સરીખાં ઇક્ષુ આપું, મીઠા રસનો સ્વાદ રે,
કંઇ માગું આશીર્વાદ રે, દાદો ડુંગરડાને મારગે રે.

બાળો-ભોળો પુત્ર જેનો, પ્રભુજી ધરતા હાથ રે,
રસ પીતા દીનોનાથ રે, દાદો ડુંગરડાને મારગે રે.

દેવદુન્દુભિ ગગડી ઊંડી, અન્મર રહો બાળ રે,
પ્યારો ભરતનો કુમાર રે, દાદો ડુંગરડાને મારગે રે.

પન્નાલાલ જ. મસાલીઆ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अस्तिनास्तिमीमांसा ।

લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

પ્રત્યેક ક્ષણે પરિવર્તનશીલ સંસારમાં ભાવશૂન્ય કોઈ પણ સમય હોતો નથી. ત્રણે કાળના પદાર્થોને ક્ષાયિક જ્ઞાનિયોએ પણ ગણનાતીત—અનંતાનંત જાણ્યા છે, જાણે છે અને જાણશે; પણ બધાય કહ્યા નથી, કહેતા નથી અને કહેશે પણ નહિં; કારણ કે સંસારમાં પદાર્થો અભિલાપ્ય અને અનભિલાપ્ય એમ બે પ્રકારના છે. અકારાદિ વર્ણોદ્વારા જે પદાર્થોનો સંકેત કે ઉચ્ચાર થાય નહિં તે અનભિલાપ્ય કહેવાય છે અને વર્ણોદ્વારા યથાર્થ અથવા અયથાર્થ વ્યક્ત કે અવ્યક્ત જેનો સંકેત તથા ઉચ્ચાર થઇ શકતો હોય એવા પદાર્થોને અભિલાપ્ય કહેવામાં આવે છે. અભિલાપ્ય પદાર્થો અનંતા છે અને અનભિલાપ્ય અનંતાનંત છે. અભિલાપ્ય શ્રુતજ્ઞાનનો વિષય છે અને તેને શ્રુતકેવળી ક્ષાયોપશમિકભાવે અને કેવળી ક્ષાયિકભાવે પૂર્ણપણે જાણી શકે છે પણ સંપૂર્ણપણે કહી શકતા નથી, કારણ કે આયુષ્ય પરિમિત હોય છે અને પદાર્થો અપરિમિત છે એટલે વર્ણક્રમથી પદાર્થો વચનદ્વારા અનેક જન્મોમાં પણ કહી શકાય નહિં.

પ્રત્યેક વસ્તુમાં અનંત–અનંત ધર્મ રહેલા છે. તેમાં સ્વધર્મ અનંતા છે અને પરધર્મ તેથી અનંતગણા છે. એટલે જ પરધર્મથી સ્વધર્મ વસ્તુમાં અનંતમે ભાગે રહે છે. અહિંયા વસ્તુ—ધર્મ એટલે વસ્તુના પર્યાયને કહેવામાં આવે છે કે જે પર્યાયો પ્રત્યેક સમયે બદલાતી વસ્તુની અવસ્થાઓ છે. પ્રત્યેક ક્ષણે થવાવાળા પરિવર્તનને વસ્તુના ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. ધર્મ, ધર્મી વગર હોઇ શકે નહિં તેથી વસ્તુ ધર્મી અને પરિવર્તન (પર્યાય) ધર્મ કહેવાય છે. ધર્મ આધેય છે અને ધર્મી આધાર છે. અને જે આધાર છે તે જ દ્રવ્ય અને આધેય તે પર્યાયના નામથી ઓળખાય છે. વસ્તુના જેટલા પર્યાય તેટલા જ તેના ધર્મ કહેવાય છે, માટે પર્યાય અનંતા હોવાથી ધર્મ પણ અનંતા જ કહ્યા છે. પર્યાય તથા ધર્મમાં માત્ર નામાંતર છે પણ અર્થાંતર નથી, તેમજ દ્રવ્ય તથા પર્યાયમાં પણ ભેદ નથી. વસ્તુનો સ્થિર સ્વભાવ તે દ્રવ્ય અને પરિણમન સ્વભાવ તે પર્યાય કહેવાય છે. સ્વપર્યાય તથા પરપર્યાય એમ પર્યાય બે પ્રકારના હોય છે. અને તે વસ્તુ માત્રમાં રહે છે. સ્વપર્યાય તો વસ્તુમાં રહે જ છે. અને તે જેમાં રહે છે તે તેની કહેવાય જ છે; પરંતુ પરપર્યાય પણ વસ્તુની સ્વપર્યાય સાથે રહેતી હોવાથી તે પણ તેની કહેવાય છે. માત્ર સ્વરૂપમાં ભેદ છે, સ્વપર્યાય અસ્તિરૂપે રહે છે અને પરપર્યાય નાસ્તિરૂપે રહે છે.

વસ્તુ માત્રમાં મુખ્ય બે ધર્મો છે. એક અસ્તિ ધર્મ અને બીજો નાસ્તિ ધર્મ. જે ધર્મ અસ્તિ સ્વરૂપ છે તે નાસ્તિ સ્વરૂપ નથી, અને જે નાસ્તિ સ્વરૂપ છે તે અસ્તિ સ્વરૂપ નથી. છતાં બંને વિરોધી ધર્મો પોતપોતાના સ્વરૂપે એક જ વસ્તુમાં રહી શકે છે, અસ્તિ ધર્મ સ્વરૂપે રહે છે અને નાસ્તિ ધર્મ પરરૂપે રહે છે. જેમકે—ઘડો છે, એમ કહેવાય છે તેમાં ઘડો ધર્મી છે અને 'છે' એ અસ્તિ ધર્મ છે તે ઘડામાં સ્વરૂપે રહે છે, અને ઘડાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્ર નથી એમ જે કહેવામાં આવે છે. તેમાં નથી એ નાસ્તિ ધર્મ છે અને તે ઘડામાં પર રૂપે રહે છે. આ બંને ધર્મો સાધારણ હોવાથી વસ્તુ માત્રમાં રહે છે. અસ્તિ ધર્મ વસ્તુનું હોવાપણું ( સત્તા ) જણાવે છે અને નાસ્તિ ધર્મ વસ્તુઓના ભેદને જણાવે છે. કરિઆતુ અને સાકરની ભિન્નતાને જણાવનાર નાસ્તિ ધર્મ છે અને તે કરિઆતુ તથા સાકર બંનેમાં રહે છે, સાકર કરિઆતું નથી અને કરિઆતુ સાકર નથી. ઘડો–ઘડો છે; પણ વસ્ત્ર નથી. વસ્ત્ર–વસ્ત્ર છે; પણ ઘડો નથી. આ પ્રમાણે ઘડા તથા વસ્ત્રમાં સત્તા તથા પરસ્પરનો ભેદ જણાવનાર 'છે' અને 'નથી' આ બંને ધર્મો રહે છે. જો વસ્તુમાં છે ( અસ્તિ ) ધર્મ ન હોય તો વસ્તુ માત્ર આકાશકુસુમની જેમ અવસ્તુ થઇ જાય, અને જો નથી ( નાસ્તિ ) ધર્મ વસ્તુમાં ન માનીયે તો, આ ઘટ છે, પટ છે, મઠ છે ઇત્યાદિ વસ્તુઓનો ભેદ–અલગ હોવાપણું ન બની શકવાથી વસ્તુ માત્ર એક સ્વરૂપવાળી થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. અર્થાત્ એકલો ઘડો જ સમગ્ર સંસારની વસ્તુમાત્રના સ્વરૂપને ધારણ કરવાવાળો બની શકે છે; કારણ કે વસ્તુમાં નાસ્તિધર્મને ન માનવાથી અને માત્ર અસ્તિધર્મનો સ્વીકાર કરવાથી ઘડો વસ્ત્ર નથી–મઠ નથી એમ નહિં કહી શકાય, પણ ઘડો વસ્ત્ર છે મઠ છે ઇત્યાદિ દરેક વસ્તુનું ઘડામાં સ્વરૂપથી અસ્તિપણું જ કહી શકાશે. આ પ્રમાણે વિચાર કરવાથી અસ્તિ–નાસ્તિ બંને ધર્મોનું વસ્તુમાં હોવાપણું અનુભવાય છે.

અસ્તિ અને નાસ્તિ બંને પરસ્પર સર્વથા વિરોધી નથી, સાપેક્ષ વિરોધી છે. બંનેમાં અસ્તિ હોવાથી બંને ભાવસ્વરૂપ છે એટલે અસ્તિ ધર્મની દૃષ્ટિથી તો બંને એક સ્વરૂપ છે. માત્ર નકાર બંને અસ્તિના ભેદને સૂચવે છે અને એ દૃષ્ટિથી જ બંને ધર્મ પરસ્પરવિરોધી કહી શકાય. અસ્તિ ધર્મ સામાન્યરૂપે વસ્તુમાત્રમાં રહે છે, પણ વિશિષ્ટ ભિન્ન પર્યાયસ્વરૂપ અસ્તિને જુદો ઓળખાવવાને માટે અસ્તિની સાથે નકાર જોડવામાં આવે છે: જે વસ્તુ પર્યાયની સાથે રહેલા અસ્તિની સાથે ન જોડાય તે માત્ર અસ્તિ ધર્મથી ઓળખાતા પર્યાયને ભિન્ન વસ્તુપણે ઓળખાવે છે. જેમકે–સ્ત્રી છે, પુરુષ–નથી પુરુષ–છે, સ્ત્રી–નથી, આ સ્થળે પુરુષના અસ્તિ ધર્મની સાથે, ન વપરાયો છે માટે સ્ત્રીમાં રહેલો અસ્તિ ધર્મ પુરુષમાં રહેલા અસ્તિ ધર્મથી ભિન્ન છે. અને તેથી કરીને જ પુરુષ પર્યાયથી સ્ત્રીપર્યાય ભિન્ન છે.

અસ્તિ ધર્મ સિવાય નકાર કે અકારના વાચ્યરૂપ નિષેધ કે ભેદ કહી શકાય નહી, અને એટલા માટે જ ભાવ તથા સત્‌ની સાથે અકારનો ઉપયોગ કરવામાં આવે છે. અને તે અકાર ભાવ તથા સત્‌ને સર્વથા નિરૂપ અવસ્તુ તરીકે ઓળખાવતો નથી, પણ ભિન્ન ભાવ સ્વરૂપને ઓળખાવે છે. ગધેડાનું શિંગડું, આકાશકુસુમ આદિને અભાવ તરીકે કહેવામાં આવે છે, તે પણ કથંચિત્ ભાવ સ્વરૂપ જ છે. ગધેડું તથા શીંગડું આકાશ તથા કુસુમ આદિ બધીય વસ્તુઓ ભાવસ્વરૂપ છે. માત્ર અકાર ગધેડાના માથા ઉપર શીંગડું ઉગવાનો અને આકાશને ફૂલ આવવાનો નિષેધ કરે છે અર્થાત્ જન્ય જનકભાવ, અથવા તો અવયવાવયવી ભાવનો નિષેધ કરે છે; પરંતુ સર્વથા ભાવનો નિષેધ કરતો નથી. અને અનુભવમાં પણ એમજ આવે છે કે અસ્તિ સિવાય એકલા નકારથી નાસ્તિ કહી શકાય નહિ અર્થાત્ ' છે ' વસ્તુ હોય તો જ નથી કહીને નિષેધ કરી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપથી ઘડો છે, પરરૂપથી ઘડો નથી, અર્થાત્ ઘડો ઘડારૂપે છે પણ વસ્ત્રરૂપે નથી; કારણ કે ઘડો શરીર ઢાંકવાનું અથવા પોટલું બાંધવા આદિનું કામ કરી શકે નહિ, પાણી ભરવાનું કામ કરી શકે છે. વસ્ત્ર પાણી ભરવાનું કામ ( અર્થક્રિયા ) કરી શકે નહિ પણ શરીર ઢાંકવાનું કામ કરી શકે છે. તેથી વસ્ત્રનો અભાવ ઘડામાં અને ઘડાનો અભાવ વસ્ત્રમાં છે. આ પ્રમાણે દરેક વસ્તુમાં ભાવ અને અભાવ બંને ધર્મો હોય છે. જે સમયે ભાવ હોય છે તે સમયે અભાવ પણ હોય છે અને જે સમયે અભાવ હોય છે તે સમયે ભાવ પણ હોય છે, તેથી ઘડામાં સ્વરૂપે યાને ઘડારૂપે ભાવ અને વસ્ત્રરૂપે અભાવ એ બંને ધર્મ સાથે રહી શકે છે, આને અન્યોઅન્યાભાવ કહેવામાં આવે છે. જો એક વસ્તુમાં બીજી વસ્તુનો અભાવ ન માનવામાં આવે તો બધી વસ્તુ ભાવરૂપે સિદ્ધ થવાથી જે જગત અનેક રૂપે દેખાય છે તે ન દેખાય અને બધું એક જ રૂપે દેખાવાનો પ્રસંગ આવે. અને જો ભાવ ન માનીને કેવળ અભાવ માનવામાં આવે તો જગત શૂન્ય થઇ જાય, માટે દરેક વસ્તુ કથંચિત્ ભાવાભાવસ્વરૂપ છે. સર્વથા ભાવસ્વરૂપ નહિ તેમજ સર્વથા અભાવસ્વરૂપ પણ નહિ. સ્વરૂપે ભાવસ્વરૂપ છે અને પરરૂપે અભાવસ્વરૂપ છે. આ ભાવાભાવને આશ્રયીને અનંતધર્માત્મક પ્રત્યેક વસ્તુમાં સાત ભાંગાનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે કે જેને સપ્તભંગી કહેવામાં આવે છે. નાસ્તિ ધર્મના બીજા પણ ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે—'નાસ્તિધર્મ' પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને અત્યંતાભાવ એમ ચાર પ્રકારનો કહેવાય છે તેમાંથી ત્રણ પ્રકાર ઘડાના જ પૂર્વ, ઉત્તર અને વર્તમાન પર્યાયને આશ્રયીને છે. ઘડાના પૂર્વ પર્યાયરૂપ માટીના પિંડમાં ઘડાનો પ્રાગભાવ, ઉત્તરપર્યાયરૂપ ઠીકરામાં પ્રધ્વંસાભાવ અને વર્તમાન પર્યાયરૂપ ઘડામાં અન્યોન્યાભાવ રહે છે. આ પ્રમાણે ઘડાની અવસ્થાઓની અપેક્ષાથી ઘડાના નથી ધર્મના ત્રણ પ્રકાર બતાવ્યા, હવે નથી ધર્મનો ચોથો પ્રકાર જે અત્યન્તાભાવ છે તે ઘડાની પૂર્વ, ઉત્તર કે વર્તમાન કોઈ પણ અવસ્થા( પર્યાય )નો જેમાં અંશ પણ નથી એવા આત્મામાં હોઇ શકે છે; કારણ કે આત્માને છોડીને પુદ્ગલાસ્તિકાયના કાર્યરૂપ જડાત્મક–પૌદ્ગલિક વસ્તુઓમાં ઘટ કાર્યરૂપે પરિણત થયેલા પુદ્ગલ પરમાણુ–સ્કંધો દ્રવ્ય–ક્ષેત્ર–કાલ તથા ભાવભેદે પરિણત થતા હોવાથી પ્રાગ–પ્રધ્વંસ તથા અન્યોન્ય આ ત્રણ પ્રકારના અભાવોમાંથી કોઈ અપેક્ષાથી કોઇ ને કોઇ અભાવ રહી શકે છે પણ અત્યંતાભાવ રહી શકતો નથી. માત્ર અરૂપી તથા અખંડ એવા આત્મા–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશમાં ઘડાનો અત્યંતાભાવ રહી શકે છે. જો કે ઘડાને છોડીને ઘડાથી ભિન્ન ઘડાનો તથા અન્ય વસ્તુઓનો અને ભિન્ન વસ્તુઓમાં ઘડાનો જે અભાવ રહે છે તે અન્યોન્યાભાવ કહેવાય છે, કે જે અન્યોન્યાભાવ વસ્તુઓના ભેદને ઓળખાવે છે. આ અપેક્ષાથી તો આત્મા આદિ અરૂપી પદાર્થોનો અને ઘડાનો પરસ્પર અન્યોન્યાભાવ પણ હોઇ શકે છે અને ઘડાથી ભિન્નરૂપી વસ્તુ માત્રમાં ઘડાનો તથા ઘડામાં વસ્તુમાત્રનો અત્યંતાભાવ પણ રહી શકે છે; પરંતુ સમાન ગુણધર્મવાળી વસ્તુઓમાં રહેવાવાળા પરસ્પરના અભાવને અન્યોન્યાભાવ કહેવામાં આવે છે અને ભિન્ન ગુણધર્મવાળાઓનો જે પરસ્પરનો અભાવ તેને અત્યન્તાભાવ કહેવામાં આવે છે. અન્યોન્યાભાવ અને અત્યંતાભાવમાં માત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટલો જ ફરક રહે છે. અને તેથી અભાવનો વિચાર કરતા અભાવના ત્રણ પ્રકાર પ્રતીત થાય છે તેમાં અન્યોન્યાભાવ અત્યન્તાભાવના સ્વરૂપને ધારણ કરે છે તેથી બંને પરસ્પર એક બીજાની સ્વરૂપસિદ્ધિમાં સહાયક બને છે. અત્યન્તાભાવ સિવાયના ત્રણ અભાવોનો આધાર તો પૂર્વ, ઉત્તર અને વર્તમાન પર્યાયો છે. વર્તમાન પર્યાય દ્રવ્યના નામથી ઓળખાય છે, અને તે ભાવ સ્વરૂપ છે. પૂર્વની તથા ઉત્તરની પર્યાય ઘડાના ભાવરૂપ હોતી નથી, અર્થાત્ ઘટસ્વરૂપ હોતી નથી. વસ્તુ માત્ર માટે એવો નિયમ છે કે વર્તમાન પર્યાયમાં ભાવસ્વરૂપ હોય છે, બાકી પૂર્વોત્તર પર્યાયોમાં અભાવરૂપે રહે છે. વર્તમાનપર્યાયમાં ઘડો ભાવરૂપે રહેતો હોવાથી તેમાં ઘડાનો અભાવ રહી શકતો નથી પણ વસ્ત્રનો અભાવ રહી શકે છે; માટે જ ઘડો સ્વરૂપે ભાવ–અસ્તિ અને પરરૂપે અભાવ–નાસ્તિ કહી શકાય છે. અને તેથી અસ્તિ અને નાસ્તિ બંને ધર્મો સમકાળે ઘડાની ભાવ અવસ્થામાં રહી શકે છે. ચારે અભાવોમાંથી અન્યોન્યાભાવ અવસ્થામાં જ બંને વિરોધી ધર્મોનું સાથે રહેવાનું બની શકે છે; કારણ કે જગત ભિન્ન–ભિન્ન અનેક વસ્તુ–ભાવોના સમૂહસ્વરૂપ હોવાથી એક વસ્તુનો બીજી વસ્તુમાં અભાવ ન મનાય તો સ્વરૂપે અનેક વસ્તુ હોઇ શકે નહિં અને પરના અભાવ સિવાય સ્વ કહી શકાય પણ નહિં અને તેથી જગત એક રૂપે પણ થાય નહિં અર્થાત્ સ્વરૂપની સિદ્ધિ થઇ શકે નહિં. અને જ્યાં સ્વ નહિ ત્યાં પર તો હોય જ ક્યાંથી ? સ્વ તથા પર એક બીજાને અવલંબીને રહેલા છે. પરના અભાવનું અનધિકરણ સ્વના અભાવનું સૂચક હોવાથી જગતશૂન્ય થઇ જાય છે, માટે જ સ્વરૂપના અભાવનો આધાર પરરૂપ માનવું જ પડે છે, કારણ કે જે વસ્તુ સ્વરૂપથી ભાવ છે તે સ્વરૂપથી અભાવ હોઇ શકે નહિં. તાત્પર્ય કે–પોતાના અભાવનો આધાર પોતે હોઈ શકે નહિં પણ પર જ હોઇ શકે છે, અને આ સ્વપરની વ્યવસ્થા ભિન્ન સ્વરૂપવાળી અનેક વસ્તુઓ વગર બની શકતી નથી. એટલા માટે જ કેટલાક ઘડાને પોતાના અભાવનો પ્રતિયોગી ( વિરોધી ) માને છે અને વસ્ત્રને અપ્રતિયોગી ( અવિરોધી ) માને છે, જેથી ઘડાનો અભાવ વસ્ત્રમાં અને વસ્ત્રનો અભાવ ઘડામાં રહે છે. પણ પોતાના અભાવનો પોતે વિરોધી હોવાથી પોતાનામાં પોતાના અભાવનું સ્થાન નથી, માટે જ જગતસ્વરૂપે ભાવ (સત) સ્વરૂપ છે અને પરરૂપે અભાવ ( અસત્ ) સ્વરૂપ છે. આવી રીતે વસ્તુમાત્રમાં ભાવના વિદ્યમાનપણામાં અભાવ પણ રહે છે; પણ તે સ્વભિન્નરૂપે રહે છે અર્થાત્ પરરૂપે કહે છે. અને તે બે ભિન્ન વસ્તુઓમાં રહેતો હોવાથી અન્યોન્યાભાવરૂપે ઓળખાય છે. આ અભાવ સત્તા પ્રાપ્ત કરેલી વસ્તુઓની અપેક્ષાથી છે. જે વસ્તુએ સત્તા મેળવેલી હોતી નથી એવી વસ્તુની પૂર્વ પર્યાયમાં પ્રાગભાવ, ઉત્તર પર્યાયમાં પ્રધ્વંસાભાવ તરીકે મુખ્યપણે ઓળખવામાં આવે છે, પણ અન્યોન્યાભાવ કહેવામાં આવતો નથી. અન્યોન્યાભાવ તો સત્તાને ધારણ કરવાવાળી વર્તમાન પર્યાયનો આશ્રિત છે, અને અત્યન્તાભાવ ભિન્ન ગુણધર્મવાળી વસ્તુઓમાં પરસ્પર એક બીજાને આશ્રયીને રહે છે.

અભાવને ધર્મ ન માનીને ધર્મી ( પદાર્થી ) માનવામાં આવે તો અભાવ ભાવસ્વરૂપ થવાથી તેની સત્તા ઓળખાવનાર તેમાં કોઇ પણ ધર્મ હોવો જ જોઇયે કે જેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસાધારણપણાથી અભાવ પ્રત્યક્ષ થઇ શકે. જમીન ઉપર ઘડો પડેલો ન જણાવાથી જે ઘડો નથી એમ કહેવામાં આવે છે તેને કેટલાક અભાવ પ્રત્યક્ષ માને છે અર્થાત્ તેમનું કહેવું એમ થાય છે કે ઘડાના અભાવનું પ્રત્યક્ષ થયા સિવાય કેવી રીતે કહેવાય કે ઘડો નથી માટે અભાવ પદાર્થ હોવાથી તેનું પ્રત્યક્ષ થાય છે. આ પ્રમાણે કહેવું યુક્તિયુક્ત લાગતું નથી, કારણ કે જે પ્રત્યક્ષ થાય છે તે ભાવસ્વરૂપ હોય છે અને તેથી તેમાં કોઇ ને કોઇ અર્થક્રિયા રહેલી હોય છે. અભાવ ધર્મ હોવાથી તેમાં અર્થક્રિયા ન રહેવાથી તે ભાવસ્વરૂપ હોઇ શકે નહિં અને તેથી તેનું પ્રત્યક્ષ પણ થઇ શકે નહિં. જેઓ જમીનમાં ઘડાના અભાવનું પ્રત્યક્ષ કહે છે તે ઘડાના અભાવનું પ્રત્યક્ષ નથી પણ પૃથ્વીનું પ્રત્યક્ષ થાય છે કે જે પૃથ્વી ઘટ વિશિષ્ટ ન હોવાથી ઘડા વગરની પૃથ્વી કહેવાય છે. અર્થાત જ્યાં સુધી પૃથ્વીની સાથે ઘડાનો સંયોગ હતો ત્યાં સુધી ઘડાવાળી પૃથ્વી કહેવાતી હતી. ( **घटवत् भूतलं** ) અને જ્યારે ઘડાનો પૃથ્વીની સાથેથી વિયોગ થાય છે ત્યારે જોનાર કહે છે કે ઘડા વગરની પૃથ્વી ( **घटाभाववत् भूतलं** ) આ પ્રમાણે વિશિષ્ટાવિશિષ્ટ પૃથ્વીનું પ્રત્યક્ષ થાય છે પણ અભાવનું પ્રત્યક્ષ થતું નથી, માટે વિયોગસ્વરૂપ અભાવને પદાર્થની કલ્પના કરી પ્રત્યક્ષ માનવું અસ્થાને છે. આવા સ્થળે વિચાર કરવાથી એમ પણ સમજાય છે કે, ભાવ અને અભાવ બંને વસ્તુમાં રહેવાવાળા ધર્મો છે. અને તે સામાન્ય તથા વિશેષના નામથી ઓળખાય છે. ભાવ ધર્મ સામાન્ય હોવાથી વસ્તુ માત્રની સત્તાને જણાવે છે અને અભાવ ધર્મ વિશેષ હોવાથી વસ્તુ માત્રના ભેદને જણાવે છે, અને તેથી કરીને વસ્તુમાં રહેવાવાળો અસ્તિ ( ભાવ ) ધર્મ છે તેમ નાસ્તિ ( અભાવ ) પણ ધર્મ છે; પણ કોઇ ભિન્ન ગુણ–ધર્મને ધારણ કરવાવાળા ધર્મી સ્વરૂપ કોઇ ભિન્ન પદાર્થો નથી.

અસ્તિ નાસ્તિનો અભ્યાસ કરતાં સમજાયું તેવું ઉપર લખ્યું છે. જો કે નય–નિક્ષેપ તથા સપ્તભંગ જેવો દ્રવ્યાનુયોગનો વિષય અતિ ગહન હોય છે, અને તે નિરંતર દ્રવ્યાનુયોગના પરિચયમાં રહેવાવાળા સ્વપરસમયના જાણ પુરુષોને સરહસ્ય યથાર્થપણે પરિણત હોય છે, છતાં વીતરાગના સિદ્ધાંતની તીવ્ર જિજ્ઞાસાવાળાને અભ્યાસ કરવાનો નિષેધ ન હોવાથી પોતાના ક્ષયોપશમ પ્રમાણે લખતાં કે બોલતાં વીતરાગના વચનનો વિરોધ થયો હોય તો તે ક્ષંતવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશ અને અંધકાર.

(લેખક:—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ,–માલેગામ)

પ્રકાશ એટલે અજવાળું અર્થાત્ જ્યાં બધું જોઇ શકાય. ખાડા, ખાબોચિયા કે ઊંચાણ નીચાણ બધું જ છતું થાય અને માર્ગે ચાલતાં ક્યાં પડી જવાય એવું છે કે સરલતા છે, તેનો બોધ સ્હેજે થાય. અને જાળવીને પગલાં નાખતાં આવડે અને આમ હોય, બધું જ જોઈ શકાતું હોય ત્યારે સ્ખલનાની ભીતિ ન હોય અને સીધું આગળ ને આગળ જ વધી શકાય. આ થઇ અજવાળાની કે પ્રકાશની અવસ્થા પણ અંધારું હોય ત્યાં વિપરીત દર્શન થાય. દોરડું હોય તે સર્પ જણાય અગર સર્પને દોરી કલ્પી લેવાય. પાણીથી ભરેલું ખાબોચિયું હોય તે સુંદર સ્વચ્છ જમીન જણાય. ઝાડનું ઠૂંઠું હોય તે માણસ છે એવો ભાસ થાય કે ભૂતની બિહામણી કલ્પના ઊભી થાય અને પ્રત્યક્ષ માણસ હોય ત્યાં સફેદ પત્થરની કલ્પના પરિણમે. ચળકાટવાળો કાચનો કકડો પડેલ હોય તે રૂપું છે એમ ભાસે અને માટીથી અર્ધ ઢંકાએલ સાચું રૂપું તે સફેદ માટીનો ઢગલો મનાઇ જાય. પિત્તલ હોય તે સોનું ભાસે અને સાચા સુવર્ણને પીળો પત્થર માની લેવાય. એ બધી વિપરીત અવસ્થા કેવળ વિકૃત પ્રકાશ અને અંધકારને લઇને થઇ જાય છે.

દરેક મનુષ્ય પોતાને અજવાળામાં જ આપણે છીએ એમ માની પોતાના અંધકારને જ અજવાળું માની બેઠેલ હોય છે. અને બીજું કાંઇ અજવાળું હોય એ કલ્પના પણ એને સૂઝતી નથી. ઘૂવડ દિવસના અંધ થઇ જાય છે અને રાતના તેની આંખો ખુલે છે. તેને જો કોઇ સૂર્યપ્રકાશનું વર્ણન સંભળાવે તો તે સાચું માને પણ નહીં. કારણ એને મન એવી સ્થિતિ શક્ય જ નથી. આપણે પણ જરા આત્મનિરીક્ષણ કરવા માટે બાહ્ય ચર્મચક્ષુ બંધ કરી અંતર્મુખ દૃષ્ટિનો ઉપયોગ કરીએ તો આપણને જણાશે કે ઘૂવડ જેવી જ આપણી પણ દૃષ્ટિમાં વિપરીતપણાનો દોષ ઓતપ્રોત છે. આપણે પણ અંધારામાં જ રખડવા છતાં પોતાને જણાય છે તે વિપરીત નહીં પણ સાચું જ છે, એમ માની બેઠેલા છીએ.

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।**

જે પરિસ્થિતિમાં આખું જગત્ રાત્રિ સમજી ઊંઘ લે છે તે જ પરિસ્થિતિમાં સંયમી જાગૃત હોય છે. આખું જગત જ્યારે ઉંઘમાં પડેલું હોય છે ત્યારે જ સાચા સંયમને ધારણ કરનાર મુનિ જાગૃત હોય છે. અર્થાત્ જે વસ્તુ સૂર્યપ્રકાશ જેવી ઝળહળતી સંત મહાત્મા જોઇ શકે છે તે જ વસ્તુ સામાન્ય મનુષ્યને ઘુવડની પેઠે જણાતી નથી. સામાન્ય મનુષ્યની ચર્મચક્ષુને જે વસ્તુ જણાય છે અને જે વસ્તુ સાચી છે એમ ભાસે છે તે જ જ્ઞાનીઓને એક પુદ્ગલની ઘટના ભાસે છે. તે પુદ્ગલના પર્યાય જણાય છે અને ક્ષણ પછી તે પર્યાય બદલી જવાના છે, એમાં સ્થિરતા જેવું કાંઇ છે જ નહીં અર્થાત્ એના ઉપર ભરોસો રાખવો એ મૂર્ખાઇ છે. શાશ્વત એવી એ વસ્તુ છે જ નહીં. એવા સંત મહાત્માઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પોતાના આત્માનંદમાં અને પૂર્ણ પ્રકાશમાં મગ્ન હોવાથી તેમને સાચા માર્ગની સૂઝ પડે છે. તેમને વિપરીત ભાસ થવાનો સંભવ પણ નથી. કારણ આત્મા એમને સાક્ષાત્ થઇ ગએલ હોવાથી તેઓ જડભાવ કે પુદ્ગલાનંદ તરફ જોઇ પણ શકતા નથી. તેઓના આનંદનો વિષય પુદ્ગલ નહીં પણ આત્મદર્શન એ જ હોય છે. અને તેને લીધે જ તેઓને અમુક વસ્તુ માટે રાગ કે અમુક વસ્તુ માટે દ્વેષનો સંભવ પણ નથી. કારણ પુદ્ગલજન્ય વસ્તુઓ તરફ તેમણે પીઠ ફેરવી છે. તે વસ્તુ તેમણે અંધારામાં ધકેલી દીધેલી હોય છે. તેમના પ્રકાશનો વિષય તદ્દન જુદો જ હોવાને લીધે તેઓને અહંકાર સ્પર્શ પણ કરી શકતો નથી. ઇર્ષ્યા કે રાગ, દ્વેષ, મોહ જેવા અનાત્મિક સંસાર વધારનારા ભાવો તેમનાથી દૂર દોડી ગએલા હોય છે. કીર્તિ કે માન એમની પાસે લોભરૂપે આવતા અચકાય છે. લોભ ઉપર એમણે જીત મેળવેલી હોય છે. તેથી અનેક જાતની કીર્તિ કે મોટાઇની અને પોતાનો જ કક્કો ખરો કરવાની ઘેલછા તેઓને વળગી શકતી નથી. તેઓના આનંદનો વિષય અત્યંત ઉચ્ચ કોટીનો જ્ઞાનાનંદ હોય છે.

આ બધાથી વિપરીત રીતે જે વસ્તુઓ જ્ઞાનીઓએ થૂંકી દીધેલી હોય છે, જે વસ્તુ તરફ સંત મહાત્માઓ તુચ્છ અને ઘૃણાની નજરે જુએ છે તે જ વસ્તુઓ તરફ અજ્ઞાની જીવ મોટા આદરથી નિરખે છે. અર્થાત્ જ્ઞાનીઓની જે રાત્રિ છે તે અજ્ઞાનીઓનો દિવસ થઈ પડે છે. જે અહંકાર અને લોભને પોતાનો શત્રુ ગણી જ્ઞાનીઓએ તુચ્છકારી ફેંકી દીધો હોય છે. તે જ અહંભાવ અને લોભને પોતાનો હિતસ્વી ગણી અજ્ઞાનીઓ વારંવાર આલિંગે છે. એટલે જ કહેવાય છે કે, જે વિષયપરત્વે બધા અંધારામાં અથડાય છે તે જ વિષય પરત્વે જ્ઞાનીઓ પ્રકાશમય જાગૃતિ અનુભવે છે.

ગાડી, વાડી અને લાડીમાં અજ્ઞાની જીવ પોતે પોતાનું અસ્તિત્વ માને છે. તેનો સંયોગ થતા પોતાને સુખી માને છે અને તેનો વિયોગ થતા પોતાનો જ નાશ થયો એમ ગણે છે. પરંતુ જ્ઞાની મહાત્મા એ વસ્તુઓ પોતાને પ્રકાશથી વંચિત કરી અંધકારમાં ધકેલી દેનારી છે એમ ગણી તેને દૂરથી નવ ગજના નમસ્કાર કરે છે. પોતાનું કહ્યું બધાઓ માને, પોતાના વિચારો બધાઓને ગમી જાય, પોતાના અનેક અનુયાયીઓ બની જાય એવી ઇચ્છા રાખનારની પાસે જડતાનો અંધકાર યુક્તિથી પોતાનું ઘર વસાવી લે છે અને તેનો પ્રકાશ ખૂંચવી લઇ તેને પુદ્ગલાનંદની ખાઇમાં ધકેલી દે છે. મોટા સંત કહેવડાવનારા એ અહંકારની મોહદશામાં ગબડી પડી પોતાનું ઉચ્ચસ્થાન ખોઇ બેઠેલા છે; ત્યારે સામાન્ય માનવોની શું દશા થતી હશે તેનો વિચાર કરવા જેવો છે.

ભાગ્યયોગે અલ્પ પ્રકાશની પણ ઝાંખી થઇ જાય અને રસ્તો સૂઝે ત્યારે અંધકાર તરફ ખેંચી લઇ જનારા મોહ, અહંકાર વિગેરે દૂતો તૈયાર જ હોય છે. અને અંધકાર તરફ ખેંચી લેઇ જવા માટે તે પ્રયત્નશીલ હોય છે જ, તેવે વખતે જ વિશેષ સંભાળ રાખવાની હોય છે. એક વખત પ્રકાશ મળ્યો તે દૂર ન થઇ જાય તેની જેઓ સાવચેતી રાખી પ્રકાશ તરફ જ આગળ વધે છે તેઓને સાચો માર્ગ સાંપડવાનો સંભવ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં તો પછી રાત્રિ કે અંધકારને આમંત્રણ આપવાની કાંઇ જરૂર હોતી નથી. કારણ તે તો આપણી ચારે બાજુએ આપણને ખાડામાં ધકેલી દેવા માટે તત્પર જ હોય છે. સંતપુરુષો પોતે એવા પ્રકાશમાં અનંત સુખનો અનુભવ કરે છે. અને પોતાના સહવાસિઓને અંધકારથી બચાવી પ્રકાશમાં લાવવા માટે પ્રયત્નશીલ હોય છે. એટલા માટે જ સંતપુરુષોના સંગનું મહત્વ ખૂબ વર્ણન કરેલું છે. સંતપુરુષોને પારસમણિની ઉપમા આપવામાં આવે છે. એનું કારણ એ જ છે કે, તેઓ પોતાના સ્પર્શમાં આવનાર જડ બુદ્ધિવાળા અજ્ઞાનીરૂપી લોઢાને પણ સુવર્ણરૂપ સંત બનાવી દે છે. સંતસહવાસ આગળ બધું તુચ્છ છે. અન્ય વસ્તુઓ સંતસહવાસ પછી અનાયાસે મળી રહે છે. જેમ અનાજ ઉગાડયા પછી ચારા માટે જુદું વાવેતર કરવું પડતું નથી, એ તો અનાયાસે તેના અંગભૂત હોવાથી આવી જ જાય છે.

જેમની પાસેથી ઇર્ષ્યા, રાગ, દ્વેષ, કામ, ક્રોધ કે લોભ એવા આત્માના શત્રુઓ તદ્દન નાશ પામેલા છે, જેઓ આત્મજ્ઞાનમાં મગ્ન રહેલા હોય, જગતની ખટપટો કે અહંભાવથી પર રહેતા હોય, જેમનો દયાભાવ ઉચ્ચકોટીનો હોય, અનુકંપાના જેઓ સમુદ્ર હોય, ક્ષમા ગુણ જેમનામાં પૂર્ણ રીતે પરિણમેલો હોય, પાપી કે અધમ જીવ ઉપર પણ જેઓ કરુણા વરસાવે, જગતના શ્રેયમાં તત્પર રહે અને જગતને સાચું માર્ગદર્શન કરાવે એવા સંતમહાત્માઓ જ પ્રકાશમાં વિચરતા હોય છે. અંધકાર એમની પાસે આવી શકતો નથી એવા સંતપુરુષોનો સહવાસ એ જ પ્રકાશ શોધવાનો સાચો માર્ગ છે. બાકી નામધારી સંતોથી આપણને કાંઇ કામ ન હોય. પ્રકાશ કે આત્મિક અજવાળાને ખોળી જડતારૂપી અંધકારથી આપણે દૂર થવા માટે પ્રયત્નશીલ થવુ એ જ આપણું કર્ત્તવ્ય છે. જડતારૂપી અંધકારમાં તો આપણે અનંત કાળથી અથડાતા આવ્યા છીએ. અને નદીમાં રહેલા ગોળ પાષાણના ન્યાયે આપણને કાંઇક અજવાળુ જોવાનો યોગ આવેલો છે. એવે વખતે આપણે સાવચેતી રાખી અંધકાર દૂર કરવો જોઇએ. સાચા આત્મજ્ઞાનરૂપી પ્રકાશનું આલંબન સ્વીકારવું જોઇએ. જિનભક્તિ, પ્રભુપૂજન કે પ્રભુભજન તેના સાચા સ્વરૂપમાં આપણને પરિણમે, બાહ્ય ભપકો કે આડંબરની પાછળ રહેલો સાચો પ્રકાશ આપણને સાંપડે એ જ અભ્યર્થના !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર જીવન અને સંસ્કૃતિ પાલન

[ ૨ ]

( ગતાંક પૃષ્ઠ ૧૧૯ થી ચાલુ )

લેખક : શ્રી મગનલાલ મોતીચંદ શાહ “ સાહિત્યપ્રેમી ”–સુરેન્દ્રનગર.

## જૈનદૃષ્ટિએ સંસ્કૃતિનું સ્વરૂપ.

પ્રભુ મહાવીરે ચાલતી વૈદિક સંસ્કૃતિને અંગે થતી હિંસા જોયા પછી અહિંસાનું સ્વરૂપ સમજાવવા ભગીરથ પ્રયત્ન આદર્યો, ધર્મને નામે થતી હિંસાનું સ્વરૂપ સમજાવ્યું, જ્યાં હિંસા છે ત્યાં ધર્મ કહેવો કે તેને સંસ્કૃતિ માનવી એ વિષપાન કર્યા પછી જીવવાની આશા રાખવા બરાબર છે, સંસ્કૃતિ તો મનુષ્યને માનવતા તરફ ખેંચી જાય છે અને સત્કાર્ય કરવાની પ્રેરણા જન્માવે છે, આ પ્રેરણા પરિણામે આત્મહિતનું કારણ બને છે, જ્યાં આત્મહિત સધાતું નથી ત્યાં સંસ્કૃતિ નથી.

માણુસ જન્મે ત્યારે શૂદ્ર કહેવાય અને પાછળથી દ્વિજ કહેવાય એ માન્યતા જૈન સિદ્ધાંતની નથી. મનુષ્ય જન્મે છે ત્યારે ગુણ અને કર્મ સૂક્ષ્મ સ્વરૂપે તેની સાથે જ હોય છે, ગુણનો અધિષ્ઠાયક જીવ કે જેની સાથે જ્ઞાનદર્શનરૂપી સત્ત્વ અનંત કાળ થયાં સાથે રહેલું છે અને રહેશે, તેને શૂદ્ર કેમ કહી શકાય? સંસ્કારી જીવાત્મા અનેક જન્મના પરિપાકરૂપ ઘણી રિદ્ધિસિદ્ધિઓ પોતાના જન્મ સાથે લેતા આવે છે, તેને શૂદ્ર કહેવો એ ઠીક લાગતું નથી. તીર્થંકર જેવા મહાત્માના જન્મવખતે તો ત્રણ જ્ઞાન તેમની સાથે જ હોય છે, અને જેનો જન્મોત્સવ અનેકવિધ દેવતાઓ કરી રહ્યા છે, એવા જીવાત્માઓને જન્મતાં શૂદ્રનું બિરુદ આપવું તે જૈન સિદ્ધાંતને કબૂલ નથી. અશુચિ આદિ કારણને લઈને શૂદ્રતા કહેવાતી હોય તો તે શરીરને અંગે છે પણ જીવને અંગે નથી. એટલે એ શરીરસંસ્કાર થયા જેથી તે બાહ્યાચાર જ માત્ર ગણાય.

જૈન સંસ્કૃતિનું વ્યાપક સ્વરૂપ સમજવા જેવું છે, જન્મની સાથે કે જાતિની સાથે આ સંસ્કૃતિનો સંબંધ નથી, પણ ગુણની સાથે છે. આર્યાવર્ત્તમાં જન્મ લેનારો હોય, આર્યથી ઓળખાતો હોય, વ્યવહાર વિદ્યા પણ સારી રીતે પ્રાપ્ત કરેલી હોય, ઉપવિત ધારણ કરતો હોય, સંધ્યાવંદનાદિ નિત્યકર્મ કરતો હોય, શ્રાવક તરીકે ઓળખાતો હોય, પરંતુ ચોરી, અસત્ય, વિશ્વાસઘાત અને વ્યભિચારને સેવતો હોય, તેને આર્ય કે સંસ્કૃતિવાન કહેવો એ જૈન સિદ્ધાંતને માન્ય નથી. દેહથી ભલે તે આર્ય કહેવાતો હોય અને આર્યના સંસ્કારો તેને પ્રાપ્ત થયા ન હોય તો પણ ભાવથી તો તે અનાર્ય જ છે. જૈન સિદ્ધાંત ગુણને જ સંસ્કૃતિ કહે છે, અનીતિમાન જીવનમાં સંસ્કૃતિનો અભાવ સમજવો. સાચો આર્ય, હિંદુ કે જૈન તો તે જ કહેવાય કે તે સજ્જન છે, સંસ્કારી છે, સંસ્કૃતિનું તથાવિધ પાલન કરે છે, અહિંસાનું સાચું સ્વરૂપ સમજ્યો છે, કર્તવ્યને પિછાણી શકે છે, સારાસારનો વિવેક પ્રગટ્યો છે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવનું જ્ઞાન છે, બંધ અને મોક્ષના સાચા સ્વરૂપને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટિમાંથી ખસેડતો નથી, કદાગ્રહને હૃદયમાં પ્રવેશવા દેતો નથી, મહામૂલા માનવ ભવની કિંમત આંકી શકે છે, મોહભરી લાલસાઓ તેને લલચાવી શકતી નથી, અધોગતિ આપનાર દુર્ધ્યાનને પ્રવેશવાનો અહીં કોઇ માર્ગ નથી, " वसुधैव कुटुम्बकं " ના સૂત્રને સદા આવકારે છે. સેવાપ્રિય છે, ફળવાળા વૃક્ષની પેઠે સદા નમ્રભાવે જ રહે છે, દુઃખીને જોઇને જેનું હૃદય ભીંજાય છે. ચડતીમાં ફૂલાતો નથી, પડતીમાં ગભરાતો નથી. સાચા ધર્મયજ્ઞનો તે અધ્વર્યુ છે, અગ્નિષ્ટોમ અને અગ્નિહોત્રને તે સદ્ભાવે સમજે છે. એટલે કે,—

धर्मध्यानं समाश्रित्यार्त्तरौद्रयोर्हुताशनम् ।
प्रेक्षते बलिदानं यो भावयज्ञः स उच्यते ॥

આર્તરૌદ્રધ્યાનનું બલિદાન આપનાર, ધર્મધ્યાનનો આશ્રય કરનાર, ભાવયજ્ઞને જાણનાર જે અગ્નિહોત્રી છે તે જ જૈન છે, આર્ય છે, પંડિત અને બ્રાહ્મણ છે—ટૂંકામાં જૈનની આ વ્યાખ્યા છે.

## સંસ્કૃતિપોષક ધર્મો.

અહિંસામાં જ સર્વ સંસ્કૃતિ સમાયેલી છે, પરંતુ અહિંસાની સૂક્ષ્મતા બધા જીવો એક સરખી રીતે સમજી શકે નહિ તેમજ પાળી શકે નહિ, તેથી બે પ્રકારનો ધર્મ અધિકાર પરત્વે પ્રભુએ બતાવ્યો, આત્મહિતના સાચા સાધક અને ઉગ્ર તપશ્ચર્યાદિ ભાવને મહાન્ આત્માઓ માટે દશવિધ યતિધર્મ બતાવવામાં આવ્યો અને બીજા મુમુક્ષુ જીવોની ઉપાસના માટે દ્વાદશવિધ શ્રાવક ધર્મ સમજાવ્યો. આ બંને પગથિયાં મોક્ષની સીડીનાં જ છે એ યથાવિધ સમજાવ્યું, અને સંસ્કૃતિના ખોટા ખ્યાલમાંથી બહાર નીકળી આત્મશ્રેય કરવાનો માર્ગ બતાવ્યો. પરિણામે ઘણા જીવોએ સંસ્કૃતિનો ખોટો ખ્યાલ મૂકી, જૈન ધર્મને સ્વીકારી આત્મશ્રેય સાધતા થઇ ગયા. પ્રભુના ગણધરો અને ઘણા આચાર્યોએ આ અહિંસાપાલનની સંસ્કૃતિને તુરત જ અપનાવી લીધી. જેનું વિવેચન કરતાં વિશેષ લંબાણ થાય, જેથી જિજ્ઞાસુઓએ ગણધરવાદ વાંચી તાત્પર્ય સમજી લેવા યોગ્ય છે.

પ્રભુ મહાવીરે સંસ્કૃતિપોષક કેટલાક નિયમો પણ તારવીને આપી દીધા. જે જાતનું બીજ હોય તેવું જ વૃક્ષ થાય. જો સાધકને સાચી સાધ્ય દશા પ્રાપ્ત કરવી હોય તો બાહ્ય ભાવ છોડી આત્મિક ગુણોને જ ખીલવવા જોઇએ. બહારના ઉપચારથી અંદરની શુદ્ધિ થતી નથી. જેવો રોગ તેવું જ તેનું નિદાન જોઇએ. પ્રભુ મહાવીરે પરમજ્ઞાનની પ્રાપ્તિથી જગતનું જેવું સ્વરૂપ જોયું તેવું જ કહ્યું, સાધકને સાધવા યોગ્ય ૧૦ પ્રકારના ધર્મો તથા આરાધવા યોગ્ય પાંચ પ્રકારના મહાવ્રતો બતાવ્યા.

દશ પ્રકારના સંસ્કૃતિ સાધ્ય ધર્મો—૧ ક્ષમા, ૨ નમ્રતા, ૩ સરલતા, ૪ પવિત્રતા, ૫ સંયમ, ૬ સંતોષ, ૭ સત્ય, ૮ તપ, ૯ બ્રહ્મચર્ય, ૧૦ અપરિગ્રહપણું. સંસ્કૃતિના આ દશ ધર્મ આરાધનાર જ સાચો જૈન ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈનોનાં પંચ મહાયજ્ઞરૂપ પંચ મહાવ્રતો.

૧ જીવહિંસાના સર્વ કાર્યને મન, વચન અને કાયાથી તજવા તે.

૨ કૂડ, કપટ અને અસત્ય આચરવાનો સર્વથા ત્યાગ.

૩ પરાશ્રય સેવવાનો કે પારકી માલિકીની કોઈ પણ વસ્તુ લેવાનો મન, વચન અને કાયાથી ત્યાગ.

૪ અખંડ અને અવિચ્છિન્ન બ્રહ્મચર્ય પાળવાનો નિર્ણય.

૫ અમૂર્ચ્છિત અવસ્થા પ્રગટાવવાની જિજ્ઞાસા એટલે સર્વ પ્રકારના પરિગ્રહનો મન, વચન અને કાયાથી ત્યાગ.

ઉત્કૃષ્ટ કોટિની સંસ્કૃતિના ઉપાસકો માટે ઉપરના સંસ્કારો ગણાવ્યા. તેમજ ભાવ યજ્ઞના અધ્વર્યુનું સ્વરૂપ બતાવ્યું, હવે મધ્યમ કોટિના જીવાત્માઓ માટે સંસ્કૃતિના પાલન અર્થે નીચેના દશ સંસ્કારોથી સંસ્કૃત થવાનું આચાર્યદેવોએ ફરમાવ્યું છે.

શાર્દૂલવિક્રીડિત.

सद्विद्या निजसंततिषु विनयः सत्संगतिः सद्व्ययः ।
ऐक्यं देशरतिः स्वधर्मदृढता, स्वाध्यायसंसेवनम् ॥
उत्कर्षे निरहंकृतिर्न वचनैर्यद्वैमनस्योद्भवो ।
मार्गो ह्युन्नतिसाधको दशविधः प्रोक्तो बुधैः श्रेयसे ॥

પોતાની સંતતિમાં સદ્વિદ્યા, વિનય, સત્સંગ, શુભ કાર્યોમાં દ્રવ્યનો વ્યય, સંપ, સ્વદેશ ઉપર પ્રીતિ, સ્વધર્મ ઉપર દઢતા, હમેશાં સ્વાધ્યાયસેવન, ઉત્કર્ષમાં અહંકારનો અભાવ અને વાણીથી બીજાના મનને દુભાવવાનો ત્યાગ—આ દશ પ્રકારનો ઉન્નતિદર્શક માર્ગ સત્પુરુષોએ કલ્યાણને માટે કહ્યો છે.

## પ્રભુ મહાવીરે પોતાના જીવનથી પ્રત્યક્ષ બતાવેલી સંસ્કૃતિ.

૧ ગર્ભસંસ્કૃતિ—સમકિતની પ્રાપ્તિ પછી વીશસ્થાનક તપની આરાધના કરી, સેંકડો માસખમણની તપશ્ચર્યા કરી, તીર્થંકરનામગોત્ર બાંધી, ત્રણ જ્ઞાનની પ્રાપ્તિ કરી, સંસ્કૃતિને દઢ કરી, છવીશ ભવનું ભ્રમણ પૂર્ણ કરી, સત્તાવીશમા ભવમાં ગર્ભમાં પ્રવેશ કરે છે. મહા-પુણ્યવાન પ્રભુ માતાના ગર્ભમાં જ દયાનો અને માતાપિતાની ભક્તિનો આવિર્ભાવ પ્રગટાવી મેળવેલી સંસ્કૃતિમાં વૃદ્ધિ કરે છે, અને માતાના આનંદનું કારણ બને છે, ચૌદ સ્વપ્નની પ્રાપ્તિ પછી માતાની ભાવનાઓ વૃદ્ધિ પામતી જાય છે અને અનેક આશાઓ જન્મે છે. ગર્ભના પ્રતાપે માત્ર સર્વત્ર શાંતિ અનુભવી રહ્યા છે.

ગર્ભની સંસ્કૃતિનું માતા પર કેવું પ્રતિબિંબ પડે છે, તેનું એક દૃષ્ટાંત સ્મરણમાં આવી જાય છે. એમ કહેવાય છે કે—રાવણની માતાએ રાવણ જ્યારે ગર્ભમાં હતો ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અખાદ્ય–અપથ્ય–નહીં ખાવા યોગ્ય કોઇ વસ્તુ ખાધી કે જેને પરિણામે રાવણમાં લંપટપણું પ્રાપ્ત થયું. આમ માતા અને ગર્ભની સંસ્કૃતિનો પરસ્પર સંબંધ છે. સંસ્કારી ગર્ભથી માતાના વિચારો પર ઘણી અસર થાય છે, તેમજ માતાની સદ્ભાવના પણ ગર્ભને હિતકારક નીવડે છે.

૨ બાળસંસ્કૃતિ–ત્રણ જ્ઞાનના અધિષ્ઠાતા, ઉતમ રાજકુમાર, ભારે સુખ અને વૈભવમાં ઉછર્યા છતાં વ્યવહારને શોભાવે તેવું નિર્મળ, સાદું ને પવિત્ર જીવન, સંસ્કારયુક્ત, સાદી, નિર્મળ અને સત્ય વાણી, વિદ્યાભ્યાસ પર અખંડ પ્રીતિ, ગુરુભક્તિ પર પ્રેમ, માતૃભક્તિ અને પિતૃભક્તિની પ્રબળ મનોકામના, સ્વજન પર સાત્વિક ભાવ, સ્ફટિક મણિ જેવું સરલ હૃદય એ સંસ્કૃતિનું ઉત્તમ ઉદાહરણ છે, આમાં ઉપનયન, ચાર વ્રત, સમાવર્તન, ગુણનિષ્પન્ન નામકરણ, નિષ્ક્રમણ વગેરે સંસ્કારો સમાઇ જાય છે.

૩ ગાર્હસ્થ્ય સંસ્કૃતિ–સંસ્કૃતિની ખરી ખીલવણી ગૃહસ્થાશ્રમમાં જ થાય છે, એટલે ગૃહસ્થાશ્રમને સંસ્કૃતિનો રાજમાર્ગ કહ્યો છે. આ રાજમાર્ગના બે મુખ્ય વિધાનો છે. ત્યાગ અને દયા. જો કે બધા જીવોને ગૃહસ્થાશ્રમનો ઉદય હોતો નથી. જેમકે પ્રભુ મલ્લિનાથ તથા નેમનાથ પરંતુ પ્રભુ મહાવીર જેવા મહાન્ મુખ્ય જીવોને જ્યારે સંસારનો ઉદય વર્ત્તે છે ત્યારે તેમનો ગૃહસ્થાશ્રમ અતિ વિશુદ્ધ ને નિર્લેપ હોય છે, આ જીવનને વિદેહમુક્ત દશા કહીએ તો ચાલે. આમાં મન, વચન અને કાયાની નિર્મળતા એ જ સંસ્કૃતિનું ખરૂં ચિહ્ન છે. સંસ્કૃતિની સાચી દીક્ષા જીવ ગૃહસ્થાશ્રમમાં જ પામે છે એટલે સંસાર ઉપરનો અનાસક્ત ભાવ વૃદ્ધિ પામે છે, જીવનો અનાદિ કાળનો વિભાવ જે સંસારવૃદ્ધિનું કારણ છે, તેને તિલાંજલી આપવાનો ભાવ પ્રગટે છે, રાજસુખ, દેહસુખ કે બીજાં ભૌતિક સુખો આત્માને કર્કશ બનાવનારાં છે, અહિતાવહ છે, જન્મ મરણ વધારનારાં છે, સાચાં સુખ નથી. જેથી સાચા સુખની પ્રાપ્તિ માટે એટલે કે સ્વભાવ દશાને ભેટવાને માટે પ્રબળ પુરુષાર્થ કરવાની ઉર્મિયો વેગ પકડે છે. હવે પ્રભુ સંસારથી વિરક્ત થવા કાળલબ્ધિને વિચારી રહ્યા છે, માતા પિતાની હૈયાતી અને બંધુ નંદીવર્ધનના વચનપાલનના બે વર્ષ જેટલા કાળ દરમ્યાન ઉત્તમ પ્રકારની રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, માનવ ઉદયના સાધનો, પશુપાલનના સુખના સ્થાનો સુધારવામાં નિર્મોહપણે વર્ત્તે છે, અને ત્યાગ ધર્મમાં પ્રવેશ કરતાં પહેલાં કરોડો સોનામહોરોનું દાન આપી પરંપરાગત દાનનો મહિમા વધારે છે, સાથે સાથે બાહ્ય અને આભ્યન્તર તપને પણ સેવે છે. આ સંસ્કૃતિનું ત્રીજું સોપાન પ્રભુએ પોતાથી જ પ્રત્યક્ષ કર્યું. આમાં નિર્દોષ બાહ્ય સંસ્કારની બધી વિધિ સમાય છે.

૪ શ્રામણ્ય સંસ્કૃતિ–મુનિધર્મ સંસ્કાર. આ આખી સંસ્કૃતિનો પાયો સ્વાધ્યાય, દયા ને તપ ઉપર જ રચાયો છે, એટલે કે જ્ઞાન અને ક્રિયા એ બે ચક્ર વચ્ચે જ કર્મનાં સર્વ દળ દળાય છે. ગૃહસ્થાશ્રમમાં દૃઢ કરેલા ભાવો આ અવસ્થામાં પરાકાષ્ઠા પામે છે. કર્મથી જોડાયેલા જીવને તેમાંથી મુક્ત થવા માટે ભારે પુરુષાર્થ કરવો પડે છે. અનંતકાળથી જીવ સાથે જોડાયેલી આ કર્મરૂપ સાંકળ તોડવામાં પ્રભુને સાડાબાર વર્ષ અને પંદર દિવસ લાગ્યા. આમાં ખાવા પીવાની તો વાત જ ક્યાં રહી ? માત્ર ૩૪૯ દિવસ જ આહારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનાસક્તિ યોગ

લેખિકાઃ—કુમારી મૃદુલા છોટાલાલ કોઠારી-લીંબડી.

વસ્તુનો ત્યાગ એ ત્યાગ નથી પરંતુ વસ્તુમાં રહેલી આસક્તિનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે. દરેક વસ્તુનો ઉપયોગ કરવો છતાંય દિનપ્રતિદિન તેમાંથી પોતાની આસક્તિ ઓછી કરવાનો પ્રયત્ન એટલે અનાસક્તિ યોગ.

જડ અને ચૈતન્યરૂપ અનેક પદાર્થોથી અને તેના પ્રત્યેની અનેકવિધ ભાવનાઓથી મનુષ્યનું ચિત્ત વિંટળાયેલું છે. પોતાના સંયોગમાં રહેલા દરેક પદાર્થમાં ઓછા કે વધતા અંશે તેને આસક્તિ હોય છે જ. એ આસક્તિને ઘટાડવા માટેના જે પ્રયત્નો તે અનાસક્તિ યોગ કહેવાય.

---

મળ્યા અને તે પણ લૂખું, સૂકું ને સ્વાદરહિત તેમજ સત્ત્વરહિત જ. શીત, ઉષ્ણ અને બીજા પરીષહોની તો હદ જ નથી. બ્રહ્મયજ્ઞના આ અગ્નિહોત્રી પ્રભુને સંસ્કૃતિકાળના આ ચોથા સોપાનમાં તો બ્રહ્મત્વ પ્રાપ્ત કરવાનું છે એટલે કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શન પ્રાપ્ત કરવાનું છે. એટલે અહીં પ્રમાદનો લવલેશ સંભવ જ નહોતો. જેવી દુઃખની પરાકાષ્ઠા હતી તેવી જ કર્મની નિર્જરા હતી. ક્ષમાની તો હદ જ નહોતી. પરાશ્રયનું સ્વપ્ન પણ પ્રભુએ સેવ્યું નથી. ઈન્દ્રમહારાજ જેવાની મદદની આકાંક્ષા પણ રાખી નથી, પોતાના કર્મનું દેવું પોતાને જ વાળવાનું છે, અને અનંતભવ જન્મ મરણ કરાવનાર કર્મરૂપી પિતૃનો આજે પિતૃયજ્ઞ પૂર્ણ કરવાનો છે. એટલે સમભાવ કેળવવામાં પણ પ્રભુએ બાકી રાખી નથી. કહ્યું છે કેઃ—

कृतापराधेऽपि जने, कृपामन्थरतारयोः ।
इषद्बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीरजिननेत्रयोः ॥

અપરાધી અને પૂજક બંને જેની દૃષ્ટિમાં સરખા છે, એટલું જ નહીં પણ અપરાધીના અપરાધને યોગે પોતામાં ક્ષમાનો ગુણ ઉભરાઇ જવાથી પોતાનાં અશ્રુ ભીંજાય છે, અહાહા! કેટલી દયા! કેટલી ક્ષમા? પ્રભુમાં હવે સર્વ પ્રકારની સંસ્કૃતિનો વિકાસ પૂર્ણ થાય છે, તેની સાથે પાંચે પ્રકારના ભાવયજ્ઞો પણ પૂર્ણતાને પામે છે એટલે સર્વ કર્મદળથી (ચાર પ્રકારનાં) મુક્ત થતાં પ્રભુ બ્રહ્મત્વને પ્રાપ્ત કરે છે, કેવળી બને છે, સ્વભાવદશાને પામે છે અને ચૌદ રાજલોકના સ્વરૂપને સર્વ પ્રકારે જોઇ શકે છે.

૫ સ્વભાવ સંસ્કૃતિ—પ્રભુ હવે સંસ્કૃતિની પરિસીમાએ પહોંચેલા હોવાથી અને સંપૂર્ણ જ્ઞાનદશા પ્રાપ્ત કરી હોવાથી જગતનાં જીવોનો તારવાના સદ્ભાવથી દ્વાદશાંગી વાણી પ્રગટ કરે છે, આ શાંત અને સ્વભાવસત્ય વાણીનું પાન કરી અનેક ભવિ જીવાત્માઓ સંસ્કૃતિની પરિસીમા પ્રાપ્ત કરી પોતાનું શ્રેય કરી ગયા છે. આપણે પણ પ્રભુએ પ્રગટ કરેલા સંસ્કાર ભાવો આપણા જીવનમાં ઉતારીએ એ જ અભ્યર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ અને અનાસક્ત મનોદશાને અતિનિકટનો સંબંધ છે. એકના અભાવમાં બીજું રહી શકતું નથી. શાસ્ત્રકાર મહર્ષિઓએ જગતના જીવોને ત્યાગની ભૂમિકા કેળવવાનો ઉપદેશ આપ્યો છે, પરંતુ તેમના એ ઉપદેશનો વાસ્તવિક અર્થ આપણે બહુ ઓછા અંશે સમજ્યા છીએ. ત્યાગ કરવાનું કહીને તેમણે વસ્તુનો ત્યાગ કરવાનું નથી સૂચવ્યું પરંતુ વસ્તુમાં રહેલી આપણી મમત્વ બુદ્ધિનો ત્યાગ કરવાનું સૂચવ્યું છે. વ્યક્તિ જો મમત્વનો ત્યાગ કરી શકે તો એ પદાર્થનું સતત સેવન કરવા છતાં ય એ ત્યાગી જ ગણાય. પરંતુ અનેક પદાર્થોનો સ્થૂલતયા ત્યાગ કરવા છતાં ય માનસિક રીતે જો સતત એ પદાર્થોની મમતા હૈયામાં રહેતી હોય તો એ ત્યાગ નથી. એવો સ્થૂલ ત્યાગ કોઇકવાર પતનને પંથે લઇ જનારો નીવડે છે.

ઘણીવાર આપણે એવું માનીએ છીએ કે સ્થલ ત્યાગ કરતાં કરતાં કોઇક દિવસ મમતાનો ત્યાગ પણ કેળવી શકાશે, પરંતુ આપણી આ માન્યતા સર્વથા સદૈવ સાચી નથી હોતી. જગતનો સનાતન નિયમ છે કે,

" Action and reaction are always equal and opposite "

" આઘાત અને પ્રત્યાઘાત હંમેશા સરખા અને વિરુદ્ધ ગતિના જ હોય છે. "

એટલે આ નિયમાનુસાર સમજણ વગરનો ત્યાગ રાગની પરિણતિમાં જ વધારો કરે છે.

કોઇ ચાનો વ્યસની માણસ ચા ન પીવાનો નિશ્ચય કરીને એ નિર્ણયાનુસાર ચાનું સેવન ન કરે પરંતુ વ્યસનને લીધે તેને એમાં એટલી આસક્તિ હોય છે કે એની ક્ષણેક્ષણ તો ચા પીવાના વિચારમાં જ પસાર થતી હોય છે. અને એ રીતે ચા ન પીવાથી ત્યાગ નથી કેળવાતો પરંતુ તેના પ્રત્યેની મમતા અને આસક્તિ જ વધુ ને વધુ કેળવાય છે. ત્યાગ કરવા છતાં ય મમતા વધતી જ જાય છે. અંતે એક સમય એવો આવે છે કે જ્યારે એ પોતાનો નિશ્ચય તોડીને ફરીથી ચાનું સેવન કરવા તત્પર બને છે. પહેલા બે વાર પીતો હશે તો હવે ચાર વખત પીવા માંડે છે. આનું શું કારણ ? ફક્ત એક જ કે જ્યારે ત્યાગ કર્યો ત્યારે મમતાનો ત્યાગ કરવાનો પ્રયાસ નહોતો કર્યો. સ્થૂલ ત્યાગ હતો, સૂક્ષ્મ નહિ અને એટલે જ એ સ્થૂલ ત્યાગના પ્રત્યાઘાતરૂપે ત્યાગથી જે વ્યસનને છોડવાની આકાંક્ષા રાખી હતી એ જ વ્યસન વધુ દૃઢ બન્યું.

તેથી જ શાસ્ત્રકારો આસક્તિનો ત્યાગ કરવાનું કહે છે. સંસારનો દરેક માનવી બધું છોડી શકે એ શકય નથી પરંતુ દરેક વસ્તુ હોવા છતાંય, તેનો ઉપયોગ કરવા છતાં ય પોતાની તેના પ્રત્યેની આસક્તિનો તો એ જરૂર સંપૂર્ણતયા નહિ પણ થોડાક અંશમાંય ત્યાગ તો કરી શકે જ.

જો શાસ્ત્રકારોએ સ્થલ ત્યાગને જ સાચો ત્યાગ ગણ્યો હોત તો તિર્યંચો કે જેઓ કુદરતના ક્રમાનુસાર જ જીવે છે તેઓ મહાન ત્યાગી ગણાત. આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘરબાર, લક્ષ્મી, સુખ સગવડો વગેરે અનેક સાધનો છે. તેઓની પાસે તેવું કાંઇ નથી તેથી તેઓ જ વધુ ત્યાગશીલ ગણાત. જો સ્થૂલ ત્યાગ જ ઉન્નત કરાવનારો હોત તો કેટલાય ભિખારીઓ કે જેઓ ભાગ્યની મંદતાને કારણે જીવનની જરૂરિયાતના અનેક સાધનો વગર જીવન પસાર કરે છે તેઓ કયારનાય ઉન્નતિના પંથે ચાલ્યા ગયા હોત.

કોઇ પણ પદાર્થમાંથી એકદમ આસકિત ઓછી કરી નાખવી એ તો અશકય છે, પરંતુ ધીમે ધીમે તિતિક્ષા વૃત્તિ કેળવીને આત્મનિરીક્ષણ કરવાથી જરૂર આસક્તિ ઘટે છે. એ રીતે તદ્દન થોડા અંશમાંય જો આપણી મમતાને છોડી શકીશું તો એના ફાયદાઓ આપણા વ્યવહારિક જીવનમાં પણ ખૂબ દેખાશે.

સામાન્ય રીતે દરેક મનુષ્યનો, "પોતાની માન્યતાને અન્યની પાસે કબૂલ કરાવવાનો અને એ માન્યતાઓ અન્ય વ્યક્તિઓ જયારે સ્વીકારે નહિ ત્યારે દુઃખી થવાનો" સ્વભાવ છે. અનાસક્ત ભાવના કેળવવાથી આપણો એ સ્વભાવ કાંઇક મંદ પડ્યો હોય એવું તરત જ જણાશે. એ ભાવનાને સહેજ પણ હૃદયમાં ઉતાર્યા પછી કોઇકવાર આપણી કહેલી વાત સાચી હોવા છતાં ય જયારે અન્ય વ્યકિતઓ માન્ય નહિ રાખે ત્યારે આપણને દુઃખ નહિ થાય.

વ્યવહારના મોટા ભાગના કલેશ વ્યક્તિના આગ્રહોમાંથી જ જન્મે છે. જો દરેક માણસ પોતાને ઇષ્ટ એવા આગ્રહને થોડા થોડા અંશે છોડીને બીજાનું થોડું સ્વીકારતા શીખે તો સાંસારિક કલેશો જરૂર ઓછા થાય. આ કરવાની શક્તિ અનાસક્તિ યોગને સાધવાથી જ પ્રાપ્ત થાય છે. એટલે પારમાર્થિક પ્રશ્નમાં એ જેટલો ઉપયોગી છે એટલો જ વ્યવહારનાં નિત્ય જીવનમાં પણ ઉપયોગી છે.

આપણે ત્યાગશીલ સાધુઓના જીવન સાથે આપણા જીવનની સરખામણી કરીશું તો આપણને જરૂર લાગશે કે વ્યવહારિક રીતે આજના વિષમકાલમાં આર્થિક ભીંસમાં સપડાયેલા આપણે જે રીતે જીવન વિતાવીએ છીએ તે કરતાં એમનું જીવન વધારે સગવડભર્યું છે. આપણને અનેક સામગ્રીઓનો અભાવ હોય છે. એ બધી ય સામગ્રીઓ તેમને મળી રહે છે, છતાં ય એ સામગ્રીઓનો ઉપયોગ કરવા છતાં ય આપણા કરતાં એ અનેકગણા ત્યાગશીલ છે. એનું કારણ એક જ છે કે આજે અનેક સામગ્રીઓ મળી છે તેનો એમને હર્ષ નથી. કદાચ આવતી કાલે તેમાંથી એકે ય સામગ્રી કે સગવડ ન મળે તો તેનો એમને શોક નથી. એટલે જ અનાસક્ત મનોદશા હોવાના કારણે જ તેઓ ત્યાગી છે અને આપણે તે તે સામગ્રીઓ આપણને ન મળવાથી તથા સામાજિક, આર્થિક કે એવી બીજી મુશ્કેલીઓના કારણે પરાણે તે સુખ સગવડોનો ત્યાગ કરવો પડે છે. એ ત્યાગથી આપણે નિરંતર દુઃખી રહીએ છીએ. કયારે ફરીથી બધી સગવડો મળે એમ અહર્નિશ ઇચ્છીએ છીએ, સતત અસંતોષની જવાલામાં સંતપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બન્ધ–મોક્ષ પર એક દૃષ્ટિપાત

" **मन एव मनुष्याणां कारणं बन्ध-मोक्षयोः** " એ ( મૈત્રી ઉપનિષદનું ) પ્રસિદ્ધ વચન જણાવે છે કે–મન જ બન્ધ અને મોક્ષનું કારણ છે. અને એ વાત બરાબર છે. એનું તાત્પર્ય એ છે કે–મનની શુભ વૃત્તિથી શુભ કર્મ અને અશુભ વૃત્તિથી અશુભ કર્મ બંધાય છે. પરન્તુ ક્રિયા–પ્રવૃત્તિની પાછળ મનની વીતરાગ સ્થિતિ કે વિશુદ્ધ ( નિષ્કષાય ) વાત્સલ્યભાવ હોય તો એવા શ્રેષ્ઠ શુભ્ર મનથી કર્મબન્ધ થતા નથી; બલ્કે મનની પરાકાષ્ઠાએ પહોંચેલી શુભ્રતાથી મોક્ષ પ્રગટે છે એટલા જ માટે ઉપલા શ્લોકાર્ધમાં મનને મોક્ષનું કારણ પણ જણાવ્યું છે અને તે સર્વસમ્મત સિદ્ધાન્ત છે.

આ ઉપરથી માલૂમ પડી શકે કે–ક્રિયા–પ્રવૃત્તિ હોવાથી જ કર્મ બંધાઇ જાય છે એવો નિયમ ધારી લેવાનો નથી; ક્રિયા–પ્રવૃત્તિ રાગદ્વેષ–રહિતપણે હોય તો તે કર્મબન્ધક થતી નથી. કેવલી ભગવાન્ સંસારી માણસની જેમ હરે–ફરે છે, બોલે છે, અન્યાન્ય પ્રવૃત્તિ કરે છે, છતાં તેમને [ સાત–વેદનીય કર્મનો ક્ષણિક બન્ધ ગણતરીમાં ન હોઇ ] કર્મબન્ધ થતો નથી, કેમ કે તેઓ વીતરાગ છે, જે ખરો વીતરાગ હોય તે વિશ્વવત્સલ હોય–જગન્મિત્ર હોય–બધા પ્રાણીઓ પ્રત્યે તેનું વીતરાગ વાત્સલ્ય વહ્યા કરતું હોય. કેવલી એવા હોય. એ નિષ્ક્રિય નથી હોતા. ઉજ્જવલ પ્રવૃત્તિ–પરાયણ હોય છે. વિશ્વહિતની તેમની પ્રવૃત્તિ વીતરાગપણે ( નિષ્કષાય વત્સલભાવે ) હોઈ કર્મબન્ધક થતી નથી.

જો કે અનાસક્ત અથવા વીતરાગભાવે વિશુદ્ધ વાત્સલ્યપ્રેરિત કાર્ય બજા-

---

રહીએ છીએ. અને એટલે સ્થૂલતયા વસ્તુનો અભાવ હોવા છતાં ય આપણને તે તે સામગ્રીઓનો રાગ વધતો જ જાય છે. રોજ અનેક શાક અને મિષ્ટાન્નો જમવા છતાં ય ત્યાગશીલ મહાત્માઓની આસકિત ઘટતી જાય છે અને સૂકા રોટલાથી પેટ ભરવા છતાં ય આપણી આસકિત ફૂદકે ને ભૂસકે વધતી જાય છે. એટલે જ આસકિતના ત્યાગની ભૂમિકા સાંસારિક જીવનમાં કેળવવાની અનિવાર્ય આવશ્યકતા છે.

પરંતુ કદાચ એવી શંકા ઉદ્‌ભવે કે આસકિત ન રાખવી તો શું દ્વેષ કેળવવો ? દ્વેષ નહિ પણ સમભાવ કેળવવો. ચા ન ભાવતી હોય એટલે ન પીવી એ ત્યાગ નથી. અપ્રિયનો ત્યાગ તો સહુ કરી શકે પણ અતિપ્રિય હોવા છતાં ય એમાં અનાસકત દશા કેળવવી, એને માટે માધ્યસ્થ્ય ભાવ રાખવો એ જ ત્યાગ છે. તેવી જ રીતે અપ્રિયના પ્રત્યે પણ માધ્યસ્થ્ય ભાવે સ્નેહાર્દ્ર રહેવું એ પણ એક પ્રકારે અનાસકિત જ છે, ત્યાગ જ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–વાડીનાં કુસુમો.

## ક્ષપકશ્રેણીનો–મુસાફર. (૨)

(લેખક:—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી–મુંબઈ)

**આ તો અંગારો પાકયો!**

ગુરુદેવ ! સુખશાતા વર્તે છે ને ? વંદન વિધિ કરીને આવેલ એ ગૃહસ્થોમાંથી કંઈક અંશે વયમાં વૃદ્ધ દેખાતા એકે પૂછ્યું.

શ્રમણોપાસક પ્રિયંકર શેઠ, તમો કેમ આજે આ તરફ નીકળી આવ્યા ? જુઓને, ભગવંતભાષિત સંયમ જીવનમાં સમજે, અરે ! આત્મા ને કર્મના સ્વરૂપને યથાર્થ રીતે અવધારે, તેને અસુખ કે અશાતા જેવું કંઈ જ નથી.

અહીં સંસારી જીવનમાં ડગલે પગલે ડોકિયાં કરતી નથી તો ઉપાધિઓ અને નથી

---

વવું એ બહુ ઊંચી સ્થિતિ છે એ વાત ખરી, અને સાધારણ વિકાસ સુધી પહોંચેલાઓને પણ એ ભૂમિકા દુર્ગમ જણાય એ પણ સાચું, તો પણ દુર્ગમ આદર્શને સુગમ કરવાની દિશામાં ધીરે ધીરે પણ કોશિશ કરવી જ રહી.

શુભ કર્મ બંધાવા પાછળ જે શુભ વૃત્તિ–પ્રવૃત્તિ હોય છે તેમાં રાગ વળગેલો હોય છે અને રાગનો પ્રતિપક્ષી દ્વેષ પણ પ્રાયઃ (અન્ય પક્ષે) આવવો સંભવે; રાગનું આવરણ હોય ત્યાં સ્વાર્થ, પક્ષપાત, અન્યના હિત પ્રત્યે ઉપેક્ષા એવું એવું કસતર થોડુંઘણું પ્રાયઃ વળગેલું હોય, જેથી એ કર્મ બન્ધક થાય અને એના સ્વભાવ અનુસાર કર્મ બન્ધક થાય.

આમ છતાં એ ધ્યાનમાં રાખવાનું છે કે સ્વપરહિતનાં સત્કાર્ય કરવા પાછળ શુભ યોગરૂપ શુભ આસ્રવ હોય તો એ પણ આત્માને હિતાવહ છે. સત્કર્મોથી બંધાનારું સત્પુણ્યરૂપ કર્મ કલ્યાણ સાધનનાં સાધન મેળવી આપનાર હોવાથી પ્રશસ્ત કોટીનું પ્રશંસાસ્પદ સમજવું જોઇએ. યોગ્ય–સુયોગ્ય શરીરાદિ સાધનો અને શ્રેયઃસાધક સત્સંગ જેવા શુભ સંયોગો મેળવી આપનાર કર્મ (સત્પુણ્યરૂપ કર્મ) કેટલું મહત્ત્વશાલી ગણાય ? "તીર્થંકર" નામકર્મ જેવાં મહાન્ ઉચ્ચ કોટીનાં કર્મો આત્માના જે આસ્રવરૂપ પરિણામથી બંધાય તે ઓછો સ્તુતિપાત્ર હશે ? વીતરાગ દશા સિવાય સામાન્ય જીવનયાત્રામાં કર્મ બન્ધન વ્યાપાર અથવા કર્મબન્ધનો ક્રમ ચાલુ જ રહે છે, તથાપિ કમમાં કમ એટલો ખ્યાલ વિવેકી પુરુષ જરૂર રાખે કે કર્મ કલુષ કે પાપરૂપ ન બંધાય; સત્કર્મોદ્વારા સત્પુણ્ય બંધાવાથી ડરવાનું કે ગભરાવાનું નથી.

—ન્યા. ન્યા. મુનિશ્રી ન્યાયવિજયજી,–પાટણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો કોઇ જાતનાં ભય કારણો. નીતિકારોએ શ્રમણપણાને નિર્ભય સ્થાનની ઉપમા આપી છે તે યથાર્થ છે. રાજગૃહીના તમો શાહ સોદાગર છો. કરોડોની લેવડદેવડ તમારે ત્યાં રોજ થતી રહે છે. તમો તેમજ તમારા મિત્ર ભદ્રંકર વીતરાગ દેવના શાસનમાં શ્રદ્ધાવાળા છો એ પણ હું જાણું છું. ભદ્રંકર શેઠ તો અવારનવાર અહીં જ્ઞાનચર્ચા સારૂ આવે છે, પણ તમોને તો માત્ર ગઇ મૌન એકાદશીએ દેખેલા ત્યાર પછી આજે અચાનક આજે જોયા; એટલે મનમાં સહજ ઉદ્ભવ્યું કે ખાસ કારણ વિના તમારું આગમન ન સંભવે.

ગુરુમહારાજ ! એવું તો નથી પણ આપની એ વાત સાચી છે કે મારાથી અહીં નાલંદામાં ઘણી વાર આવવાનું બનતું નથી. એનું કારણ મારા વ્યવસાયની ભારે જવાબદારી. સંસારી જીવન એટલે એ બધું જોવું પડે છતાં કંઇક સમય કાઢીને પણ પરભવનું પાથેય બાંધી લેવાની પળ આવી ચૂકી છે એમ માથાના શ્વેત પલિયા સૂચવે છે.

એ વાત લક્ષ્યમાં લેજો. હાં, આગમનનો હેતુ જણાવો એટલે સમયનો સદુપયોગ થાય.

આચાર્ય દેવ, રાજગૃહી નગરીના ચોરે ચૌટે આજે એ વાત જોરશોરથી ચર્ચાઇ રહી છે. ભારે નિંદા થવાની નોબત બજી રહી છે. આપ જેની વિદ્વત્તાના ભારે વખાણ કરતા હતા એ શિષ્યે તો દીક્ષા છોડી શાસનને ઝાંખપ પહોંચાડી પણ હવે તો એ કલંક લગાડવા ખડો થયો છે. અવારનવાર ગોચરી અર્થે અમારે ત્યાં આવતાં આપના શિષ્ય 'ક્રિયારૂચીજી 'ને મેં એ વાત કરી પણ હતી. એક તો સાધુપણું છોડી નાટકીયો બન્યો ! એનું જ્ઞાન-ધ્યાન ક્યાં ચાલ્યું ગયું ! એણે વહેવાર ને મર્યાદા સાવ તજી દીધા! રોટલાનો ટુકડો ખાનાર કૂતરું પણ માલિકને વફાદાર રહે છે. પણ આ તો એથીયે નપાવટ નીકળ્યો ! એ રઝળતાને આપે દીક્ષા આપી, ભણાવ્યો, પંડિત બનાવ્યો ! એના આગળના જીવનને ભૂંસી નાંખી, ચાર માણસમાં પંકાતો કર્યો, તેનો બદલો આવો ! ગુરુજી, આવા કપાતરને આગળ આણવામાં, અરે શાસ્ત્રની ગર્ભિત વાતો બતાવવામાં આપે જરૂર ઉતાવળ કરી છે. આ તો આપણા જૈનશાસન માટે અંગારો પાકયા જેવો છે.

શેઠની વાતને પુષ્ટિ આપતાં મુનિ ક્રિયારૂચી બોલ્યા—

મહારાજ સાહેબ, વાત બહુ વધી પડી છે. પૂર્વે એ ગોચરી લઇ મોડા આવતા ત્યારે મેં આપનું ધ્યાન ખેંચ્યું હતું. પણ આપે એની જ્ઞાનસર્જનમાં પ્રગતિ જોઇ એ તરફ આંખ આડા કાન કર્યા. મારા જેવાને સમજીને ક્રિયા કરવાની શિખામણ આપતા અને એના દેખતાં જ્ઞાનનો મહિમા ગાતા, ક્રિયાને જ્ઞાનની દાસીરૂપે વર્ણવતા–' પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા ' રૂપ ટંકશાળી વચન યાદ આપતા. એ રીતે ક્રિયાને ઉતારી પાડી, જ્ઞાનને માથે ચઢાવી દીધું એનો નતીજો જે આવ્યો તે સામે જ છે. ' વકર્યો ઉંદર કોલ થાય ' અથવા તો ' વટલી બ્રાહ્મણી તરકડી કરતાં ભૂંડી ' એ જનવાયકા મુજબ આજે આપનો એ વિદ્વાન્ અષાઢભૂતિ કેવા કરતૂતો આચરે છે એ જુઓ. ગોચરી લેવા જઇએ ત્યારે નારીગણના મુખે એના જીવનની કાળી બાજુ સાંભળી થાકી ગયા છીએ. રંભા તથા શચીના રૂપમાં અંધ બનેલા એ પાપીષ્ઠે પોતાની અધોગતિ નોતરી અને ઘોર નર્કમાં જવાના દલિયાં બાંધ્યા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અમારા સરખા ત્યાગીઓ માટે જનસમૂહમાં શંકાના વમળો પ્રગટાવ્યા, પવિત્ર ધર્મની હીલના કરાવી અને હવે એ પર કળશ ચઢાવા બહાર પડયો છે. આવાને ઊગતો ડામવામાં નહીં આવે તો એ તો ડૂબશે ખરો પણ જોડે બીજાને ડુબાડશે અને ધર્મ-નિંદા કરાવી અધર્મ ફેલાવશે.

મહાનુભાવ, એક આત્મા કર્મવશાત્ માર્ગભ્રષ્ટ થઇ ગયો એથી જેના તત્વો ત્રિકાલાબાધિત છે એવા જિનેશ્વર દેવના શાસનને જરાપણ આંચ આવવાની નથી. એવો બનાવ નજરે જોયા પછી સમજુ જીવોએ તો કર્મરાજના પ્રપંચો વિચારવા, રાજાસમા મોહનીય કર્મના વિલક્ષણ સપાટામાં પોતાની જાત ન ફસાઈ પડે એની તકેદારી રાખવી, અને એ પતિત માનવ તરફ તિરસ્કાર નહીં પણ ઉપેક્ષા ભાવ બતાવવો.

ગુરુમહારાજ, હજુ આપ ભોળપણમાં છો. એ માયાવી શાસન માટે કેટલો ભયંકર નિવડશે એનો આપ સાહેબને ખ્યાલ નથી. ઉપાસક વર્ગમાં કેટલો ખળભળાટ મચ્યો છે એનો સાચો તાગ આપ ન કાઢી શકો. મારા જેવો ગોચરી જનાર જ એ જાણે.

વત્સ ક્રિયારૂચી, ઉતાવળો ન થા. જ્યાં જ્ઞાનના ઊંડાણ ન હોય ત્યાં ઉપરના દેખાવથી અકળામણ ઉદ્દ્ભવે. એ વેળા જ સમજદારની ફરજ જરાપણ આવેગને વશ થયા વિના સમભાવ રાખી વસ્તુસ્થિતિનો ચારે તરફથી વિચાર કરવાની છે. ત્હારા ગુરુ ધર્મરૂચી એટલા ભોળા નથી કે પોતે બેઠા છતાં શાસનની હીલના થવા દે. સાથે એ પણ નોંધી રાખ કે તીર્થંકર દેવનું શાસન એ કોઇ કાચનો કુંભ નથી કે એકાદ કાંકરી વાગતાં ફૂટી જાય. સો ટચના સુવર્ણને જેમ કષ, છેદ અને તાપનો ભય ન સંભવે, તેમ વીતરાગ દર્શનને કશો જ ધોખો ન પહોંચે. જ્યાં ભલભલા તર્કવાદીઓ ફાવ્યા નથી ત્યાં એકાદા નાટકીઆના કાર્યથી જૈન ધર્મને શું કલંક લાગવાનું છે? પોતાના ધંધાને આશ્રયી હવે તે ગમે તેવું આચરણ કરે તેથી શ્રમણ સંસ્થાને શો સંબંધ છે? શ્રાદ્ધસંઘને એ કારણે કેમ ગભરાટ સંભવે? જ્યારથી મુનિપણાનો સ્વાંગ ઉતારી એ અહીંથી વિદાય થઇ ગયો ત્યારથી એક રીતે-વ્યવહાર નયથી કહીયે તો ચતુર્વિધ સંઘ સાથેનો એનો સંબંધ પૂરો થયો.

આપણો શ્રાવક વર્ગ કે નારી સમુદાય આ સત્ય સમજતો થાય એ જોવાની આપણા શ્રમણ વર્ગની જવાબદારી લેખાય. એ ચૂકી, ક્રિયારૂચી! તારા સરખો સાધુ, ઉપાસકોને સમજાવવાને બદલે જાતે અકળાઇ ઉઠે એ કેવું કહેવાય! આટલા સારૂ મારા તરફથી જ્ઞાનવૃદ્ધિ માટે તને આગ્રહ થતો રહે છે. હું તારી ધર્મકરણીને ઓછી આંકતો નથી જ. તારા વિવિધ તપ પણ મારી ચક્ષુ બહાર નથી. હું એ સર્વને જ્ઞાનનો ઢોળ ચઢાવવા માંગુ છું. પછી તું જોઇ શકશે કે એના સાચાં મૂલ્યાંકન કેવાં થાય છે.

આચાર્ય મહારાજશ્રી ધર્મરૂચીજીની સરલ છતાં ઓજસ્વિતાથી ભરેલી વાણી સાંભળી પ્રિયંકર શેઠ તો મંત્રમુગ્ધ બની ગયા. તેઓશ્રીના મનમાં હતું કે કરોડોનો વેપાર કરનાર શ્રીમંતને જ ધર્મદાઝ હોય છે, એ જ વ્યવહાર સમજે છે; પણ ધર્મશ્રવણમાં દિલચસ્પી રાખનાર, અવારનવાર સૂરિજીના પાસા સેવનાર, અને ધર્મચર્ચામાં ઉતરનાર-ભદ્રંકર શેઠ વિનયપૂર્વક બોલ્યા—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય સાહેબ, અષાઢભૂતિ પોતાનું ગમે તે કરે એ સાથે નથી તો જૈનધર્મને કે ચતુર્વિધ સંઘને કંઇ લાગતુંવળગતું. એ તો જે કરશે તે ભોગવશે, પણ આ તો આગળ વધીને આપણા સાહિત્યના શણગાર સમા ભરત ચક્રવર્તીનું નાટક ભજવનાર છે. આપણા એ પૂર્વજને રંગભૂમિ પર ઉતારે, એમના જીવનના પ્રસંગોને ભજવી બતાવે. એ વેળા જાત જાતના ચેનચાળા જનસમૂહને રીઝવવા કરે, એ સર્વ આપણે જૈનોએ મૂંગા મૂંગા જોયા કરવું ? આપની પાસે અહીં આગમનનો મુખ્ય મુદ્દો તો એ છે.

આ વાત જરૂર વિચારણીય ગણાય, બાકી નાટક શબ્દથી ગભરાવાનું કારણ નથી જ. એ પણ એક કળા છે અને એના આદ્ય દર્શક ભગવંત શ્રી યુગાદિજિનેશ છે એ વાત, મહાશય, તમારા ધ્યાનમાં હશે જ. જે વ્યક્તિને આશ્રયી નાટક ભજવવાનું હોય, એના જીવન-પ્રસંગો સાથે પાત્ર, કળા અને ભૂમિકા સર્જનનો યથાર્થ મેળ હોય, વિશેષમાં એ જાતના પ્રયોગદ્વારા આમ જનસમૂહને બોધ આપવાનો ઇરાદો હોય, તો એમાં લાભનું કારણ છે. એ હાનિકારક નથી ગણાતું કેમકે નીતિકારોએ લખ્યું છે કે–કથા કહી દેખાડવા કરતાં આચરી બતાવવાથી વધારે અસર ઉપજાવે છે.

ગુરુમહારાજ, નાટક કરનાર જો વેશ ભજવવા માત્રથી પ્રેક્ષકગણ પર સારી છાપ પાડી શકતા હોત તો, જ્ઞાની ભગવંતો ચારિત્ર્યના જે મૂલ્ય આંકે છે એનું શું ? તો પછી સંતસમાગમની અગત્ય રહે ખરી ? એમ થાય તો સાચા કરતાં કૃત્રિમ વધી જાય.

ભદ્રંકરજી, અનેકાંત દર્શનની ખૂબી જ અહીં છે. ધોરી માર્ગ તો સાધુસંતોના જીવન પરથી જ જનસમૂહ સંસ્કાર ઝીલી, પોતાના જીવન પવિત્ર અને ચારિત્રશીલ બનાવે એવો છે. તેઓનો ઉપદેશ દેખાવ પૂરતો નથી હોતો પણ સ્વજીવનમાં અમલી બનાવેલો હોવાથી, તેમજ તેમને કોઇ પણ પ્રકારનો અંગત સ્વાર્થ ન હોવાથી, શ્રોતા વર્ગમાં ઝટ અસર કરે છે. આમ છતાં બાળ, મંદબુદ્ધિ અને નારીગણનો અતિ મોટો ભાગ નથી તો એકદમ એ તરફ આકર્ષાતો કે નથી તો યથાર્થપણે ઝીલી શકતો. એ વર્ગ માટે વર્ણન કરતાં આલેખન વધુ આકર્ષક બને છે. ચિત્ર કે દ્રશ્યના દર્શન એમના ગળે ઝટ ઉતરી જાય છે. લાંબા સમયથી મૌનનું અવલંબન કરી રહેલ પ્રિયંકર શેઠ ગુરુદેવની વાતને પુષ્ટ કરતાં બોલી ઉઠ્યા—

આચાર્યશ્રીની વાત અનુભવગમ્ય છે. મિત્ર ભદ્રંકર ! તું તો સારી રીતે જાણે છે કે અષાઢભૂતિ જે જે નાટકોમાં ઉતરે છે તે જોનારામાં આપણા જૈનોનો ફાળો નાનોસૂનો નથી જ. જ્યારથી એ સાધુવેશ છોડીને વિશ્વકર્માની મંડળીમાં જોડાયો છે ત્યારથી એને તો ઘીકેળા થયાં છે. મગધમાં એણે પગ મૂકયો ત્યારે એના માથે ઋણ હતું, અહીં એને ઠરી ઠામ કરવામાં આપણો ફાળો ઓછો નથી જ. પછી તો એ કળાના નિપુણતે મગધની પ્રજામાં કેવુંયે જાદુ કર્યું કે ચોતરફ એના જ વખાણ સંભળાવા માંડ્યા. અન્ય મંડળીઓને એની હરિફાઇમાં ઊભું રહેવું પણ ભારે પડયું, અને આજે તો એ કીર્તિદેવીના મંદિરમાં કેન્દ્રસ્થાને છે. એક તો યૌવનના આંગણે ઝુલતી કન્યાઓને યોગ્ય મૂરતીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળ્યો અને અઢળક લક્ષ્મી રળી આપનાર જમાઇ મળ્યો. ભાગ્યદેવીના એના પર આજે તો ચારે હાથ છે. સૂરિરાજ, આશ્ચર્યની વાત તો એ છે કે જ્યારથી 'ભરતચક્રી'નું નાટક ભજવવાની વાત બહાર આવી છે ત્યારથી જગ્યા મેળવવાની પડાપડી થઇ રહી છે. એક તરફથી એ નાટકીયા પ્રત્યે નારાજી બતાવનારા કુટુંબોમાં જ સારા પ્રમાણમાં ટીકીટો વેચાણી છે ! યુવાનો અને પ્રૌઢો, બાળકો અને બાળાઓ એ નાટક જોવાનો અત્યારથી જ નિર્ધાર કરી બેઠા છે. કાગડોળે એ દિવસની વાટ જુવે છે ! વધારામાં એ ચાલાક ખેલાડીએ જાહેરાત કરી છે કે આ તેનું છેલ્લું નાટક છે. જેવો એ વેશ પરિવર્તનમાં કુશળ છે તેવો એ પ્રેક્ષક સમૂહમાં ભ્રમ ફેલાવવામાં નિષ્ણાત છે. કેમ જાણે એ નટનો ધંધો ત્યાર પછી છોડી દેવાનો ન હોય !

છેલ્લા શબ્દોએ ગુરુજીના મનોપ્રદેશમાં અષાઢભૂતિના વેશ છોડી જતી વેળાના શબ્દો તાજા કર્યા. તેઓશ્રી થોડી પળના વિલંબ પછી બોલ્યા—

ઋષિવર્યો ! એટલું યાદ રાખો કે કેટલીકવાર કળાકારો જે કામ કરી દેખાડે છે એ અતિ અદ્ભુત હોય છે. એની સ્પર્ધા નથી તો વક્તા, લેખકો કે ઉપદેશકો કરી શકતા. જો કે એવા આત્મા જવલ્લે જ દૃષ્ટિગોચર થાય છે. તેમની રગે રગમાં કળા થનગનતી હોય છે. એની પાછળ જનતા ગાંડી બને એમાં કંઇ જ નવાઇ નથી. કદાચ અષાઢભૂતિ ભરતનું નાટક કળાકારની દૃષ્ટિયે ભજવે તો ના ન કહેવાય. એની ભાગ્ય રેખા ઘણી તેજ છે.

જ્યાં સુધી એ નાટકમાં કંઇ વાંધા પડતું ન જણાય ત્યાં સુધી ઉહાપોહ કરવો વ્યાજબી ન લેખાય. સમજુનું એ કર્તવ્ય પણ ન ગણાય. ઓછું જ એક રાતે વહાણું વઇ જવાનું છે ? અમો પણ કોઇ આંદોલન જગાવવા નથી ઇચ્છતા. આ તો એ આપશ્રીના આશીર્વાદ લઇ ગયેલો છે તો એને બોલાવી બે શબ્દો કહો કે જેથી એ આપણા પૂર્વજોના નામ ન લે. જ્યારે તમારા કથનથી જણાય છે કે તૈયારી કાંઠે પહોંચવા આવી છે ત્યારે આડો હાથ ધરવા કરતાં એને એના માર્ગે જવા દેવો. એ નાટક કેવી રીતે ભજવાય છે એ જોવું. પછી જ કંઇ કરવું ઘટશે તો હું જરૂર કરીશ.

મારું અંતર તો સાક્ષી પૂરે છે કે એના આ નાટકદ્વારા પ્રજા કંઇ જુદું જ નિહાળશે. શાસનની હેલના નહીં પણ પ્રભાવના થશે. હું એને તેડાવું એ કરતાં તે જાતે જ અહીં આવશે.

તો તો સૂરિમહારાજ સોનાનો સૂરજ ઊગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસપદ તથા ગણિપદપ્રદાન મહોત્સવ

રાજનગર( અમદાવાદ )ખાતે શ્રીમતી તત્ત્વવિવેચક સભા તરફથી આચાર્યશ્રી **વિજયદર્શનસૂરીશ્વરજી**, આચાર્યશ્રી **વિજયોદયસૂરીશ્વરજી**, આચાર્યશ્રી **વિજયનન્દનસૂરિજી**, આચાર્યશ્રી **વિજયવિજ્ઞાનસૂરિજી**, આચાર્યશ્રી **વિજયપદ્મસૂરિજી**, આચાર્યશ્રી **વિજયામૃતસૂરિજી**, આચાર્યશ્રી **વિજયલાવણ્યસૂરિજી** તથા આચાર્યશ્રી **વિજયકસ્તૂરસૂરિજી** આદિ મુનિપ્રવરોની નિશ્રામાં મુનિશ્રી કમલવિજયજી ગણિ, મુનિશ્રી જિતવિજયજી ગણિ, મુનિશ્રી સુમિત્રવિજયજી ગણિ, મુનિશ્રી મોતીવિજયજી ગણિ, મુનિશ્રી રામવિજયજી ગણિ, મુનિશ્રી મેરુવિજયજી ગણિ, મુનિશ્રી દક્ષવિજયજી ગણિ, મુનિશ્રી યશોભદ્રવિજયજી ગણિ, મુનિશ્રી દેવવિજયજી ગણિ, મુનિશ્રી સુશીલવિજયજી ગણિ, મુનિશ્રી જયાનંદવિજયજી ગણિ, મુનિશ્રી પુણ્યવિજયજી ગણિ, મુનિશ્રી ધુરન્ધરવિજયજી ગણિ, મુનિશ્રી શિવાનંદવિજયજી ગણિ તથા મુનિશ્રી કાન્તિવિજયજી ગણિ–આ પંદરે પૂજ્ય મુનિવર્યોને વૈશાખ સુદિ ત્રીજ ને બુધવારના રોજ પ્રાતઃકાળે પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવેલ તેમજ મુનિશ્રી પ્રિયંકરવિજયજીને ગણિ તથા પંન્યાસ બંને પદથી ઉપરોક્ત દિવસે અલંકૃત કરવામાં આવેલ. આ શુભ પ્રસંગની સાથોસાથ પૂ. શ્રી ઋદ્ધિચંદ્રજીમહારાજ તથા સાધ્વીશ્રી દેવભદ્રાશ્રીજીને વડી દીક્ષા આપવામાં આવેલ.

આ પુણ્ય પ્રસંગને અનુલક્ષીને રાજનગરખાતે તત્ત્વવિવેચક સભાવતી ચૈત્ર વદી ૧૩ થી વૈશાખ સુદી ચોથ પર્યન્ત અષ્ટાહ્નિકા મહોત્સવ કરવામાં આવેલ, જેમાં પ્રતિદિન વિવિધ પૂજાઓ ભણાવવામાં આવેલ. વૈશાખ સુદી ૧ ના રોજ રથજાત્રાનો વરઘોડો ચડાવવામાં આવેલ અને અક્ષય તૃતીયાના રોજ બપોરના અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવેલ.

આ શુભ પ્રસંગે દેશ–દેશાવરથી ભાવિક જનસંખ્યા સારા પ્રમાણમાં આવેલ અને મહોત્સવ આનંદ અને ઉલ્લાસ વચ્ચે પૂર્ણ થયેલ. ઉક્ત ટાણે પંન્યાસજી મહારાજશ્રીને કાંબળી વિગેરે કપડાઓ પણ સારી સંખ્યામાં વહોરાવવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ-સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું. લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨–૪–૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

નવું પ્રકાશન તરતજ મગાવો

## પ્રભાવિક પુરુષો : : ભાગ ત્રીજો

લેખક: **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

શ્રી મોહનલાલભાઇની કથા–સાહિત્ય અંગેની કલમથી "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**"ના વાચકો અજ્ઞાત નથી. તેમની કસાયેલી કલમથી આજ પૂર્વે **પ્રભાવિક પુરુષો** ભાગ ૧–૨ પ્રકાશિત થઇ ગયેલ છે અને તેનો સુંદર ઉપાડ થયો છે તેવી જ રસિક કલમથી, સાદી ને સુરોચક ભાષામાં આ ત્રીજો ભાગ આલેખવામાં આવ્યો છે.

પૂર્વના બંને ભાગ પછીની હકીકત આ પુસ્તકમાં વણી લેવામાં આવી છે; એટલે **પૂર્વધર ત્રિપુટીમાં** આચાર્ય **સંભૂતિવિજય, શ્રી ભદ્રબાહુ-સ્વામી** અને દશ પૂર્વના જ્ઞાતા, ચોરાશી ચોવીશી પર્યંત અમર નામધારી **મુનિશ્રી સ્થૂલિભદ્ર. સમ્રાટ્ ત્રિવેણીમાં** સમ્રાટ **ચંદ્રગુપ્ત, સંપ્રતિ** અને **ખારવેલ** અને **બંધવબેલડીમાં શ્રી આર્યમહાગિરિ** અને **શ્રી આર્યસુહસ્તિસૂરિનાં** રસ–ભરપૂર કથાનકો છે.

સુંદર ત્રિરંગી જેકેટ, પાકું બાઇંડીંગ, ક્રાઉન સોળ પેજી સાઇઝના પૃષ્ઠ આશરે સાડા ત્રણસો છતાં મૂલ્ય માત્ર રૂપિયા **સાડા ત્રણ.**

તમારી નકલ માટે આજે જ લખી નાખો:—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજીકૃત

## યોગદૃષ્ટિસમુચ્ચય

ક્રાઉન આઠ પેજી સાઈઝ, સાડા આઠસો પૃષ્ઠ, સુંદર જેકેટ અને આકર્ષક બાઈંડીંગ, છતાં મૂલ્ય માત્ર રૂપિયા છ.

વિવેચનકાર–ડૉક્ટર ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

ઉપરોક્ત લેખકની સરલ, સુંદર અને સુવાસિત લેખિનીથી "પ્રકાશ"નો વાચક અજાણ્યો નથી. પડતર કિંમત તો વિશેષ થવા છતાં માત્ર પ્રચારાર્થે અને વિશેષ સંખ્યામાં લાભ લઈ શકે તે માટે અલ્પ મૂલ્ય રાખેલ છે. યોગ તથા અધ્યાત્મના પ્રેમીએ ખાસ વસાવવા જેવો ગ્રંથ છે.

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા– ભાવનગર

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

[ નવી આવૃત્તિ–અર્થ સાથે ]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

---

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઈંડીંગ અને પાંચશે લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય

લેખકઃ શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા, M. A.

શ્રી હીરાલાલભાઇના તલસ્પર્શી સંશોધન અને વિવેચનથી આજે કોણ અજાણ છે. તેમના "આગમોનું દિગ્દર્શન" પુસ્તક જેવું જ આ પણ સંશોધનપૂર્ણ અને વિદ્વાનોને રુચિકર થઇ પડે તેવું આ પુસ્તક છે. પ્રાકૃત ભાષાને લગતી વિશદ વિવેચના બે ખંડમાં કરવામાં આવી છે. છેવટે પૂરવણી અને કેટલીક સૂચના પણ આપેલ છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૭૫, પાકું બાઈંડીંગ મૂલ્ય રૂપિયા છ. પોસ્ટેજ જુદું.

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


---

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ. દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only